વા.લ. રૂ. ૧૦૦/-
વા. સ. રૂ. ૧૦૦/-

# સત્યાન્વેષણ

SATYASHODHAK SABHA, SURAT

૧૫ ડીસેમ્બર, ૨૦૧૯ Vol. 13 No. 12

## અવૈજ્ઞાનીકતાને સજ્જડ ટેકો આપતો અયોધ્યા - ચુકાદો



નેટ પર તમને ચોક્કસ વાંચવા મળશે :
www.satyanveshan.com પર જાઓ.

# પક્ષીઓ માટે જાણવા જેવું

બધા જ પાંખવાળા પ્રાણીઓ પક્ષી નથી હોતા. ડીનોસોરની સાથે સાથે જ આજથી ૨૦ કરોડ વર્ષ પહેલા ટેરોસોરોસ (pterosaus) નામનાં પ્રાણીઓ ઉડી શકતા હતા. એમની પાંખો ચામડીની બનેલી હતી. પીંછાની નહોતી. આથી ભલે તેઓ ઉડતા હતા, છતાં વૈજ્ઞાનીકો એને પક્ષીના સંવર્ગમાં મુકતા નથી. જે કેટલાક ડીનોસોર હતા, જેમની પાંખ પીંછાની હતી, પરંતુ ઉડી શકતા નહોતા તે પક્ષી ગણાય. આ ડીનોસારમાંથી ઉત્ક્રાંતી થતા થતા આજથી ૪૪ કરોડ વર્ષ પહેલા પીંછાની પાંખવાળુ અને ઉડી શકતું પક્ષી તૈયાર થયું. એનું નામ આર્કેપ્ટેરીક્ષ (Archeeopteryx) આપવામાં આવ્યું છે. એ અત્યારના કાગડાના કદનું હતું. જો ડીનોસોરના શરીરનું બરાબર અવલોકન કર્યું હોય તો તમને મોટા ભાગના પક્ષી ડીનોસોરની નાની આવૃત્તી જેવા જ લાગશે. આવું એક પ્રાણી આપણી વચ્ચે છે. બીલાડી વાઘની નાની આકૃતી જેવી જ લાગે છે. ઉત્ક્રાંતીના સીદ્ધાંતમાં આ તફાવતવાળી સામ્યતાને ડાર્વીને સચોટ રીતે સમજાવી છે. ટુંકમાં પીંછાવાળી પાંખવાળા પક્ષી કહેવાય. એમાંના કેટલાંક ઉડી નહીં શકે તો પણ તે પક્ષી કહેવાય. બીજી બાજુ, ટેરોસોરસ ઉડી શકતા હતા. એમને પાંખ પણ હતી, પરંતુ તે પીંછાની નહોતી તેથી તે પક્ષી નહીં કહેવાય. અત્યારે શાહમૃગ અને પેન્ગવીન્સ એવા પક્ષીઓ છે જે ઉડી શકતા નથી, પરંતુ એમને પીંછાવાળી પાંખ છે તેથી તેઓને પક્ષી ગણવામાં આવે છે. ચામાચીડીયા ઉડી શકે છે, પણ એમની પાંખ ચામડીની છે. તેથી તે પક્ષી નથી. એ સસ્તન પ્રાણી છે.

અત્યારે વીશ્વમાં ૮,૬૫૦ પ્રકારનાં પક્ષીઓ છે. એમની વચ્ચે ઘણો તફાવત છે, પરંતુ જયારે ડાર્વીનના સીદ્ધાંતાનુસાર પીંછાવાળી પાંખની સામ્યતા છે તેથી બધા તફાવતો સાથેની સામ્યતાવાળા એ બધાં પક્ષી જ છે. કોઈ એક સમયે નાનાં પક્ષીને ૧,૦૪૦ પીંછા હોય છે, તો મોટાને ૨૫,૦૦૦ જેટલા પીંછા હોય છે !

બાહય પરીસ્થીતી સાથે સૌથી વધારે અનુકુલન કરી શકે તે પ્રજાતી ટકી જાય એવું ડાર્વીનનો ઉત્ક્રાંતીનો સીદ્ધાંત કહે છે. પક્ષીઓનું શરીર (પાંખ સીવાયનું) સીધું હોય છે. આથી જયારે પાંખો ખુલીને એ હવા કાપે છે ત્યારે તે તરત જ જમીન-ડાળ પરથી ઉંચકાય છે. અને હવામાં ઉંચે-નીચે તરી શકે છે. એમણે ઓછામાં ઓછું વજન રાખવાનું છે તેથી સંવનન કર્યા બાદ માદા ગર્ભમાં બાળક રાખીને ઉડે તો વધારે તકલીફ પડે. કદાચ ઉડી નહીં શકે.



**(અનુ. ટા.–૩ ઉપર)**

# સત્યાન્વેષણ

**મુખ્ય સંપાદક**

**સુર્યકાન્ત શાહ**

**સંપાદક મંડળ**

**બી. એ. પરીખ** **સીદ્ધાર્થ દેગામી** **સુનીલ શાહ**

**પ્રેમ સુમેસરા** **મનસુખ નારીઆ**

**૧૫ ડીસેમ્બર, ૨૦૧૯** | **સળંગ અંક : ૩૩૭** | **Vol. 13 No. 12**

('સત્યાન્વેષણ' ઉંઝા જોડણીમાં તૈયાર થાય છે, સીવાય કે લેખકની તે માટે અનીચ્છા હોય.)


## અવૈજ્ઞાનીકતાને સજ્જડ ટેકો આપતો અયોધ્યા ચુકાદો

**–સુર્યકાન્ત શાહ**

સુપ્રીમ કોર્ટે બાબરી-રામ જન્મભુમી દાવાની સુનાવણી પ્રસંગે વારંવાર જાહેર કર્યું હતું કે તે માત્ર વીવાદીત સ્થળની માલીકીને જ નકકી કરશે. ચુકાદાનો પાઠ વાંચતા જણાય છે કે એણે, પોતે જ બાંધેલી સરહદને ઓળંગી છે. ચુકાદાના કેટલાક ભાગ તો અવૈજ્ઞાનીકતાને વધારવા માટે અગત્યનાં પરીબળ બનવાની ઘણી સંભવીતતા છે. મુર્તી અંગે સુપ્રીમે પોતાના વીચારો વ્યકત કરવાની કોઈ જરુર જ નહોતી. આમ છતાં એણે તે વ્યકત કર્યા. આ વીચારો કોઈપણ પુરાવા વીનાના માત્ર અભીપ્રાયો છે. ભગવાન, ખુદા, ગોડના નામે ઓળખાતા અવાસ્તવીક અપાર્થીવ તત્ત્વની હાજરી સર્વત્ર હોવાથી એનું કોઈ કાયદેસર અસ્તીત્વ નથી એવું સુપ્રીમ કોર્ટે જણાવ્યું છે તેથી કોઈ એની સામે હરફ ઉચ્ચારતું નથી. કોઈ રેશનાલીસ્ટ આવું નીવેદન કરતે તો આ બધા અપાર્થીવ તત્ત્વના આંધળા ભગતો એના પર તુટી પડતે ! આ અપાર્થીવ તત્ત્વના કાયદેસરના વ્યકતીત્વનો ઈનકાર કર્યા પછી સુપ્રીમ કોર્ટે માત્ર હીંદુ ધર્મની મુર્તીઓ અંગે ભારે અવૈજ્ઞાનીક વીધાનો કર્યા છે.

સુપ્રીમ જણાવે છે કે હીંદુ મુર્તીઓનું અવીનાશી કાયદેસરનું અસ્તીત્વ છે. આત્મા માટે કહેવાયું છે કે તેનો અગ્નીથી માંડી પાણી સુધી કશાથી નાશ થતો નથી. કંઈક એવું જ


**ભારતીય બંધારણની ૫૧ એ (એચ) કલમ મુજબ વીજ્ઞાન અને વૈજ્ઞાનીક અભીગમનો પ્રસાર કરવા સત્યશોધક સભા 'સત્યાન્વેષણ'નું પ્રકાશન કરે છે. એમાં કોઈ પણ ધર્મ, જ્ઞાતી કે જાતીની લાગણી** દુભાવવાનો ઈરાદો નથી. -સંપાદક મંડળ

સુપ્રીમનું માત્ર હીંદુ ધર્મની મુર્તીઓ માટે કહેવાનું છે. આથી સુપ્રીમ જણાવે છે કે એની પ્રાર્થના કરનારા અને ભગતોએ એને જે મીલકતો અર્પણ કરી હોય તેના પરના મુર્તીના હક નાશ પામતા નથી, ભલે એનો એકવાર નાશ થઈ ગયો હોય ! મુર્તી તો પવીત્ર હેતુની અભીવ્યકતીને સમાવતી હોય છે. મુર્તીના વીધ્વંસથી આ પવીત્ર હેતુનો નાશ થતો નથી. પરીણામે એને ધરાવેલી મીલકતો પરનો એનો હક પણ નાશ પામતો નથી.

આ પવીત્ર કે ઉમદા હેતુને મુર્તીમાં સમાવીષ્ટ હોવાનું ન્યાયીક અસ્તીત્વ કાયદા થકી સ્વીકારાયું છે. આથી રાજ્ય મુર્તીની ગેરહાજરી હોય તો પણ તેનામાં સ્થાપીત મીલકતોનું રક્ષણ કરશે. આ મીલકતો અંગેની કોઈ સંસ્થા નહીં હોય તો પણ રાજ્ય તેનું રક્ષણ કરશે. સુપ્રીમનો આ અભીપ્રાય એક નવુ જ પ્રસ્થાન કરે છે. એ કોઈપણ વ્યકતી કે સંસ્થા કોઈ એક સ્થળે દેવસ્થાન હતું, એમાં મુર્તી હતી અને તેનો નાશ થયો હોવાનો દાવો કરી શકે છે. એ જે સ્થળ દર્શાવે ત્યાં અન્ય વ્યકતી, સંસ્થા કે ધર્મની મીલકત હોય તો તેની નીચે હીંદુઓનું દેવસ્થાન હતું કે કેમ તે જરુરી કાર્યવાહી કરીને તપાસી શકાય છે. જે તપાસમાં તેવું હીંદુ ધર્મને દેવસ્થાન હોવાનું માલુમ પડે તો એની ઉપરની કોઈની પણ મીલકત પર એનો માલીકી હક રહેતો નથી. અંદર દટાયેલી મુર્તી હોય કે નહીં હોય તે મુર્તીનો માલીક હક સ્થાપીત થઈ જાય છે !

સુપ્રીમ આટલેથી અટકી નથી. હીંદુ ધર્મમાં મુર્તીઓને પાણીમાં ડુબાડીને તેનું અસ્તીત્વ મીટાવવામાં આવે છે. હીંદુ ભકતોએ ધાર્યું નહીં હોય તેવો અભીપ્રાય આપતા સુપ્રીમ જણાવે છે કે આ મુર્તીઓને ડુબાડવાથી એ મુર્તીઓમાંના સમાવીષ્ટ પવીત્ર હેતુ પણ ડુબી ગયો છે એવું કહી શકાય નહીં. એ મુર્તીનું સ્થાપન થયું તે થકી પવીત્ર હેતુ સાકાર થઈ જાય છે. મુર્તીઓને મળેલ કાયદાકીય વ્યકતીત્વ પોતે જ પવીત્ર હેતુને માન્યતા આપે છે. કઈ પદ્ધતીએ એ પવીત્ર હેતુને સાકાર કરવામાં આવ્યો તે મહત્ત્વનું નથી. જો કોઈ સ્થળે હીંદુ મંદીર હોય, પણ એમાં મુર્તી નહીં હોય કે કોઈકવાર ત્યાં મુર્તી હોવાનું માલુમ પડે તો પણ એને અર્પણ થયેલ હેતુને લગતા દસ્તાવેજોને આધારે જણાવી શકાય કે ત્યાં પવીત્ર હેતુ હતો. આવા બધા જ કીસ્સામાં મુર્તીને કાયદેસરનું અસ્તીત્વ પ્રાપ્ત થાય છે કારણ કે પવીત્ર હેતુ તો અસ્તીત્વમાં હોય જ છે. (**નોંધ :** આધારભુતતાની ખાતરી માટે સુપ્રીમના ચુકાદાનો મુળ પાઠ જોવો.)

**(વધુ પાના નં.-૪ ઉપર જોવું)**

# કુરીવાજથી સુરીવાજ તરફ

**-તંત્રીલેખ**

લોકોએ મોહમાયાના બંધન ત્યાગી, જીવનમાં સત્ય, નીષ્ઠા, પ્રમાણીકતા જેવા સદ્‌ગુણો અપનાવવા જેઈએ. દેશની સેવા કરવી જોઈએ. દેશનું અહીત થાય તેવું કાર્ય કદી પણ ન કરવું જોઈએ. સત્સંગમાં આવા સંદેશાઓ સમજાવતા સ્વામીજી જયારે ક્રાઈમ ન્યુઝમાં પ્રગટ થાય ત્યારે આપણને જીવન મુલ્યોનું જીવંત દ્રષ્ટાંત પણ પુરુ પાડે છે. જેમ કે ખેડા પાસે અંબાલા ગામના મંદીર ખાતે રાધારમણ સ્વામીજીના રુમમાં જ નકલી નોટ છાપવાનું ષડયંત્ર પકડાય ત્યારે ભકતો જેને ભગવાન માને છે તેના સાચાં જીવન દર્શન થાય છે ! ભગવાનના પ્રસાદના બોક્ષમાં ૧ કરોડથી વધુ નકલી નોટોની હેરાફેરી કરીને દેશદ્રોહ કરનારની પાખંડલીલાનું પ્રાગટય થાય છે.

આવા કીસ્સાઓ અવારનવાર બનતા રહે છે, ને લોકોના ધ્યાનમાં આવે છે, પણ આપણી પ્રજા દયાવાન, ક્ષમાવાન અને ભુલકણી છે. થોડા સમયમાં બધું ભુલી જાય છે, અને પાખંડીલીલાની ઘટમાળ અવીરત ચાલ્યા કરે છે. ૪-૫ હજાર વર્ષ પુરાણા ગ્રંથોપદેશમાં ગળાડુબ રાખનાર આ મહંતો આપણી પ્રજાને વર્તમાનના દર્શન તો કરવા જ નથી દેતા.

આજે આપણી પાસે આજના પ્રશ્નો સૌથી મહત્ત્વના છે. હમણાં દેશભરમાં ખાસ કરીને મોટા શહેરોમાં પ્રદુષણનું પ્રમાણ ગંભીરપણે વધી રહયું છે. દીલ્હીમાં વાયુપ્રદુષણને કારણે શાળામાં રજાઓ આપવી પડી હોય તેવી દેશની એવી નોંધપાત્ર ઘટના છે કે જે આપણને ‘હવે સુધરો, નહીંતર ખેર નથી !’ તેવો સંકેત આપે છે. માનવ કલ્યાણ માટે હવે સત્સંગ નહીં પણ નવી પરીસ્થીતી સામે શું કરી શકાય તેની સમજણ અને અમલીકરણ જરુરી છે. આપણે સામાજીક કુટેવો, ગંદકી, પ્રદુષણ, અન્નનો બગાડ, પ્લાસ્ટીક પ્રદુષણ વગેરે માટે સત્સંગ કરવાનો, અને ઉકેલ માટે સાથે મળીને પ્રયાસ કરવાની જરુર છે.

આજે કુરીવાજોને બદલે સુરીવાજો લાવવાની જરુર છે. સુરતમાં હમણાં લગ્ન પ્રસંગે વર કન્યાએ રકતદાન કરીને એક સુરીવાજ શરુ કર્યો તે આવકાર્ય છે. સુરતમાં અને વીશેષતઃ વરાછા વીસ્તારમાં હવે જીવનના અનેક પ્રસંગો, જેમ કે પુણ્યતીથી, જન્મદીવસ,

મેરેજદીવસ, બેસણુ કે મરણોત્તર વીધીમાં પણ રકતદાન, ચક્ષુદાન, દેહદાન, વૃક્ષારોપણ જેવી માનવકલ્યાણની પ્રવૃત્તીઓ અંગે જાણીએ ત્યારે એક નવી આશા બંધાય છે કે નવી પેઢી હવે ચોકકસ આપણને કુરીવાજથી સુરીવાજ સુધી દોરી જવા માટે પ્રવૃત્ત બની રહી છે.

---

* માનવ કલ્યાણ માટે વીજ્ઞાન સદીઓથી સંશોધનો કરે છે. તાજેતરનાં સંશોધનો પર એક નજર કરીએ તો હમણાં સ્વીડનના વૈજ્ઞાનીકોએ DNA-ની 3D ઈમેજ (DIP-C) નું સંશોધન કરેલ છે, જે અનેક રોગોના ઈલાજ માટે તેમ જ રોગો થાય જ નહીં તે માટે મહત્ત્વપુર્ણ પુરવાર થશે.

* * *

* ગેમા કીરણો દ્વારા પ્રચંડ ઉર્જા પ્રાપ્તી કરી શકાય તે માટેના વીકલ્પો પણ વૈજ્ઞાનીકોને હાથ લાગ્યા છે જે ઉર્જા સમસ્યાનો અંત લાવી શકે.

* * *

પોતે હરીને ન જાણે લેશ,
ને કાઢી બેઠો ગુરુનો વેશ.

**-અખો ભગત**

---

**( ચાલુ પાના નં.-૨ નું )**

મુર્તી હોય કે નહીં હોય પણ તેની રચના પ્રસંગે જે પવીત્ર હેતુ હતો તે તો જીવંત જ રહેવાનું સુપ્રીમે જણાવીને હવે મુર્તીકેન્દ્રીત રાજકારણ, ધર્મકારણ અને કોમીકારણ ચલાવવાના દરવાજા ખોલી આપ્યા છે. સુપ્રીમે આ અભીપ્રાય માત્ર હીંદુ ધર્મની મુર્તીઓ માટે જ આપ્યો છે. જૈનોની મુર્તીઘેલછા જગજાહેર છે. એ મુર્તીઓ અને એની અંદર સમાવીષ્ટ પવીત્ર હેતુનું સ્થાન શું તે આ અભીપ્રાય જણાવતો નથી. ચર્ચોમાં પણ ઈસુની ઘણી મુર્તીઓ-ફોટાઓ મુકાય છે. મસ્જીદોમાં મુર્તી હોતી નથી પણ ધાર્મીક ક્રીયાઓ માટેનું એ સ્થાન હોય છે. શીખો ગ્રંથને પુજે છે. બધા ધર્મોમાં ફોટાઓને સ્થાન અપાયું છે. કેલેન્ડરોમાં ધર્મ સ્થાપકોના ફોટા છપાય છે. કેટલાક ભગતો તો કેલેન્ડરમાંના ફોટાને જ ધુપ-દીવો કરતા હોય છે ! કેટલાયે ધર્મોના ધાર્મીક પુસ્તકોની પુજા થાય છે. આ બધામાં જ સુપ્રીમના અભીપ્રાયાનુસારનો અવીનાશી એવો પવીત્ર હેતુ સમાયેલો છે. સુપ્રીમના અયોધ્યા કેસમાં પ્રગટ થયેલા અભીપ્રાયમાં આ બધા પવીત્ર હેતુઓને કાયમ માટે અસ્તીત્વ ધરાવે છે કે કેમ તે જણાવાયું નથી. સુપ્રીમનું આ બાબતમાંનુ મૌન પવીત્ર અભીપ્રાયો વચ્ચે અસમાનતા પેદા કરે છે.

# માત્ર હીંદુ ધર્મમાંથી જ ધર્માંતરણ કેમ ?

**-એન. વી. ચાવડા**

જેમાંથી વીશાળ અને વ્યાપક પ્રમાણમાં ધર્માંતરણો થયાં હોય અને આજે પણ થઈ રહ્યાં હોય એવો જો કોઈ ધર્મ હોય તો તે ધર્મ છે હીંદુ ધર્મ. કહેવાય છે હીંદુ ધર્મ વાસ્તવમાં ધર્મ નથી, પરંતુ વર્ણવ્યવસ્થા છે અથવા વર્ણાશ્રમ છે. હીંદુઓને છેતરવા માટે આર્ય પંડીતોએ વર્ણવ્યવસ્થાને હીંદુ ધર્મ કહ્યો છે. આર્ય પંડીતોએ હજારો વર્ષોથી હીંદુઓને એવા ભરમાવી માર્યા છે કે હીંદુ ધર્મ અને વર્ણવ્યવસ્થા વચ્ચેનો ભેદ સમજવા તો શું, સાંભળવા  પણ તેઓ તૈયાર નથી.

સંભવતઃ આજે ભારતમાં ૨૨ કરોડ મુસલમાનો છે. બાંગલાદેશ અને પાકીસ્તાનમાં મુસ્લીમો  અતી વીશાળ બહુમતીમાં છે. આ બધા જ મુસલમાનોનાં મુળ તપાસવામાં આવે તો તેમના પુર્વજો હીંદુ જ નીકળે. એમના પુર્વજોએ ભુતકાળમાં વર્ણવ્યવસ્થાના પાપે ઈસ્લામ સ્વીકારવા મજબુર બનવું પડયું હતું. (અલબત્ત બળજબરીથી કોઈને મુસલમાન બનાવાયા છે, પરંતુ એનું એવાનું પ્રમાણ અલ્પ છે.)  દેશના શીખો, ખ્રીસ્તીઓ, બૌદ્ધો અને જૈનો પણ પુર્વે હીંદુ જ હતા. દલીતો આજે પણ બૌદ્ધ બની રહ્યા છે, અને ઓબીસી સમાજ પણ એ દીશામાં વીચારી રહયો છે.

હીંદુ ધર્મમાંથી જ મોટા ધર્માંતરણો થવાનું મુખ્ય કારણ તેની વર્ણવ્યવસ્થા છે. આ વર્ણવ્યવસ્થા એક અન્યાયી, અમાનવીય અને સ્વાર્થી ષડ્યંત્ર છે. એને ઈશ્વરીય તથા કૃષ્ણકૃત કહીને હીંદુઓને છેતરવામાં આવ્યા છે. વાસ્તવમાં આજથી ૩૫૦૦ વર્ષ પહેલાં આવેલા વીદેશી આર્યોએ  પોતાની સત્તા, સર્વોપરીતા અને વીના પરીશ્રમની આજીવીકા  માટે સ્થાપેલ સમાજ વ્યવસ્થા છે. એ કોઈ ધર્મ નથી, પરંતુ માણસાઈનો ધ્વંસ છે. એમાં ‘ન્યાય’ નથી, એ એમાંથી થતા ધર્માંતરણનું મુખ્ય કારણ છે. એમાં ન્યાય નથી તો અર્થ એ છે કે એમાં માનવ-માનવ વચ્ચે સમાનતા, સ્વતંત્રતા અને બંધુતા નથી.

---

**‘સત્યાન્વેષણ’નું વાર્ષીક લવાજમ (સત્યશોધક સભાના સભ્યપદ સાથે) રૂા. ૨૦૦ અને આજીવન રૂા. ૨,૦૦૦/– છે. મ. ઓ. કરો. જેઓ બેન્કમાં સીધા જમા કરાવવા માંગતા હોય તેઓ  બેન્ક ઓફ બરોડા, પાર્લે પોઈન્ટ, સુરતના બચત ખાતા નં. 02580100015605, IFSC = BARBOPARLEP માં જમા કરાવી શકે છે. તેઓ જમા કર્યાનું કાઉન્ટર અત્રે મોકલાવે.**

# નાસ્તીકતાનું પ્રમાણપત્ર

**-અશ્વીનકુમાર કારીઆ, પાલનપુર**

ફતેબાદના તાહોના તહેસીલ વોર્ડ નં. ૧૧ માં રહેતા ઈન્દરલાલના ૩૩ વર્ષના પુત્ર રવીકુમાર નાસ્તીકતાનું પ્રમાણપત્ર ધરાવે છે. હરીયાણા રાજય સરકારના લેટર પેપર પર જારી કરાયેલ આ પ્રમાણપત્રમાં એવું લખાણ છે કે 'રવીકુમારની કોઈ જ્ઞાતી નથી, તેમનો કોઈ ધર્મ નથી, તેમના કોઈ ઈશ્વર નથી.' પરંતુ રવીકુમારને તકલીફની શરુઆત ત્યારે થઈ કે તોહાના તાલુકા કચેરીએ પોતે જારી કરેલ આ પ્રમાણપત્ર પાછું ખેંચી લીધું. તાલુકા અધીકારીનો બચાવ એવો છે કે અદાલતના હુકમનું તેમનાથી ખોટું અર્થઘટન થયું હતું. પોતાનું પ્રમાણપત્ર પરત ખેંચવાના આ નીર્ણય સામે રવીકુમારે પંજાબ અને હરીયાણા હાઈકોર્ટમાં કરેલ અરજીના સંબંધમાં હાઈકોર્ટે એમ ઠરાવ્યું કે જયારે બંધારણથી દરેક વ્યકતીને કોઈપણ ધર્મમાં ન માનવાનો કે ઈશ્વરમાં આસ્થા ન ધરાવવાનો મળભુત અધીકાર અપાયેલ છે, ત્યારે આવા પ્રમાણપત્રની જરુર નથી. રવીકુમારે હાઈકોર્ટના આ નીર્ણયને હાઈકોર્ટના ડીવીઝન બેંચ સમક્ષ પડકારવા નકકી કરેલ છે.

રવીકુમાર અને તેના પીતા રંગકામનો વ્યવસાય કરે છે. રવીકુમાર કહે છે કે બચપણમાં તેને ઈશ્વરમાં આસ્થા હતી કારણ કે તેની માતા ખુબ ધાર્મીક અને ભકતીભાવવાળા છે, પરંતુ ઈશ્વરની શોધમાં તેને ઘણી નીરાશા સાંપડી. તેના દાદીમા એવું કહેતા કે આપણામાં શ્રીકૃષ્ણ વસે છે, પરંતુ એક વખત શાળામાં કેટલાક સહધ્યાયીઓએ તેની મારપીટ કરવા છતાં, કોઈ ઈશ્વરે તેને છોડાવ્યો નહીં. લોકો એમ કહેતા અને માને છે કે દીવાળીના તહેવારોમાં લક્ષ્મીપુજન કરવાથી ઘરની સંપત્તીમાં વૃદ્ધી થાય છે. રવીકુમારે અનુભવ્યું કે વર્ષોથી તેની માતા દર વર્ષે લક્ષ્મીપુજન કરતી હોવા છતાં તેઓ ગરીબના ગરીબ જ રહયા. તેણે લક્ષ્મી બમ્પરની લોટરી ટીકીટ અનેક વખત ખરીદ કરેલ હોવા છતાં, તેને કયારેય લોટરી ટીકીટમાં ઈનામ લાગ્યું નથી. અંતે તેણે પીતાનો રંગકામનો વ્યવસાય સ્વીકારી લીધો, અને અનુભવ્યું કે કઠોર પરીશ્રમથી જ બધું શકય છે.

રવીકુમારે ૨૦૧૭માં નાસ્તીક બનવાનો અને પોતાના પ્રમાણપત્રમાં 'નાસ્તીક' તરીકેની ઓળખ સ્થાપીત કરવા નીર્ણય કર્યો. સૌ પ્રથમ આધાર કાર્ડમાં 'રવીકુમાર-નાસ્તીક' લખાવ્યું.

નીવાસી પ્રમાણપત્રમાં પણ 'નાસ્તીક' લખવામાં આવ્યું. ત્યારબાદ તેણે શાળા પ્રમાણપત્રમાં આ શબ્દ ઉમેરાવા દીવાની અદાલતમાં કરેલ અરજી મંજુર રાખવામાં આવી હતી. અદાલતના આ હુકમના આધારે તાલુકા અધીકારીએ No caste, No religion, No God પ્રમાણપત્ર તેને જારી કરવામાં આવ્યું હતું, પરંતુ ઉપર જણાવ્યું તેમ આ પ્રમાણપત્ર એક અઠવાડીયામાં જ પાછું ખેંચી લેવામાં આવેલ હતું.

રવીકુમાર જણાવે છે કે તેના આ નીર્ણય સાથે તકલીફોનો મારો શરુ થયો. લોકો તેને 'પાગલ' કહી બોલાવતા. તેના આવા વીચારો બદલ તેના કુટુંબીજનોને પણ પરેશાની સહન કરવાની વેળા આવી. આ હેરાનગતી એટલી હદ સુધી વધી ગઈ હતી કે એક વખત તો તે આત્મહત્યા કરવાના ઈરાદે ઘર છોડી ભાગી ગયો, પણ અંતે એ વીચાર માંડી વાળ્યો હતો. તેના પીતા કહે છે 'પુત્રના આ વીચારોની અસરનાં કારણે મેં મંદીરે જવાનું બંધ કરી દીધું છે, અને તેના વીચારો સમજવાની કોશીશ કરું છું.' રવીકુમારના ઘરમાં કોઈ મુર્તી કે દેવદેવીના ફોટા નથી. તેની માતાએ પણ મંદીર જવાનું  છોડી દીધું છે.

રવીકુમારનો સમાવેશ અન્ય પછાત જ્ઞાતી (OBC) માં થાય છે.ડો. આંબેડકરના વીચારોથી તે પ્રભાવીત છે. તેમની તસ્વીર પોતાની સાથે રાખે છે. રવીકુમારે બચપણથી એ જોયું છે કે જ્ઞાતી વ્યવસ્થાના કારણે સમાજ ઘણો વીભાજીત થયો છે. પછાત વર્ગના લોકોની પ્રગતી ઉચ્ચ વર્ણના લોકો સહન કરી શકતા નથી. રવીકુમાર પોતાનો એક અનુભવ વર્ણવતા કહે છે કે ૨૦૧૮માં તેની તોહાનમાં વેટરનરી હોસ્પીટલમાં પટાવાળા તરીકેની નોકરી હતી. તે વીસ્તારમાં ૫ માસના ગાળા દરમ્યાન ૨૦૦ ભેંસો કોઈ રોગચાળાના કારણે મૃત્યુ પામી હતી. લોકો એમ માનવા લાગ્યા કે હું નાસ્તીક હોવાના કારણે આ બધી ભેંસો અકાળે મૃત્યુ પામી. રવીકુમારને એટલી બધી પજવણી થઈ કે તેણે નોકરી છોડવી પડી.

રવીકુમાર એવો મક્કમ મત ધરાવે છે કે દેશની અનેક સમસ્યાઓના મુળમાં ધર્મ છે. ભારત-પાકીસ્તાન, સ્ત્રીઓના સંઘર્ષ, અસ્પૃશ્યતા વગેરે સમસ્યાઓ ધર્મના કારણે ઉદ્‌ભવેલ હોવાનું તે માને છે. તેના મતે નાસ્તીકતાની આજ સૌથી વધારે જરુર છે.

રવીકુમાર જણાવે છે કે પોતે નાસ્તીક વીચારસરણી ધરાવતી યુવતી સાથે જ લગ્ન કરશે, અને કોઈ ધાર્મીક વીધીથી કરશે નહીં. કાયદાકીય પ્રક્રીયાથી જ લગ્નવીધી સંપન્ન કરશે. (માહીતીસ્રોત : Indian Express તા. 27-10-'19 અંકમાં પ્રગટ થયેલ લેખ)

## શું જોગાનુજોગ કે પછી...?

મહારાષ્ટ્રમાં ભાજપની ફડણવીસ સરકારની મુદત પુરી થઈ. રાષ્ટ્રપતી શાસન આવ્યું. એના અઠવાડીયામાં જ સીબીઆઈ એ પુણેની અદાલતને જણાવ્યું કે સનાતન સભા સાથે સંકળાયેલા મુંબઈના સંજીવ મુનાલેકર નામના વકીલે નરેન્દ્ર દાભોલકર અને ગૌરી લંકેશની હત્યામાં વપરાયેલા હથીયારો અને બાઈકનો નાશ કરી દીધો હતો. મુનાલેકરને સનાતન સંસ્થાના બીજા એક કાર્યકર વીક્રમ વીનય ભાવેએ સાથ આપ્યો હતો. 'સત્યાન્વેષણ'ના વાચકોને યાદ હશે કે આ અંગે આ પુર્વેના અંકોમાં જણાવાયું છે કે આ રેશનાલીસ્ટોની હત્યામાં વપરાયેલા હથીયારોની ભાળ મેળવવામાં સીબીઆઈ છેલ્લા બે વર્ષથી સરીયામ નીષ્ફળ રહી હતી. આ નીષ્ફળતા માટે અદાલત સમક્ષ સીબીઆઈએ આપેલાં કારણોને અદાલતે સ્વીકાર્યા નહોતા. ઉપરાંત સીબીઆઈ અને ફડણવીસ સરકારને ઠપકારી હતી. હવે ફડણવીસ સત્તા પર નથી એટલે તરત આ ભેદ ઉકેલાઈ ગયો તે શું જોગાનુજોગ છે ? કે પછી....રેશનાલીસ્ટો સામે ભાજપની સરકારના અવરોધને હવે સ્થાન નથી તે છે ?

## વૈજ્ઞાનીકો પરસ્પરના પુરક બનવા લાગ્યા છે

છેલ્લાં સાત વર્ષથી નોબલ ઈનામ પુરસ્કૃત વૈજ્ઞાનીકોની ભાત અલગ થવા માંડી છે. તે પુર્વે કોઈક એકલ-દોકલ વૈજ્ઞાનીક કોઈ એક તત્ત્વનું ઉંડું સંશોધન કરીને નવા જ્ઞાનને પ્રજાના ચરણમાં મુકતા હતા. હવે નોબલ ઈનામો એકાધીક વૈજ્ઞાનીકો વચ્ચે વહેંચાય છે. આ વૈજ્ઞાનીકોના સંશોધનનું તત્ત્વ એક જ હોય છે, અને મહદ્ અંશે તેઓ સ્વતંત્ર રહીને સંશોધન કરે છે. આમ છતાં એમના સંશોધનો પરસ્પરના પુરક બનતા જાય છે. ૨૦૧૯માં જે ફીઝીયોલોજી અને મેડીસીન ક્ષેત્રે ત્રણ વૈજ્ઞાનીકોને નોબલ મળ્યું છે તેમાં આ ભાત છતી થાય છે. ત્રણેય વૈજ્ઞાનીકો સાંઠ વર્ષથી વધારે ઉંમરના છે. ત્રણે વૈજ્ઞાનીકોએ આપણા શરીરના કોશના (cell) કામકાજ પર સંશોધન કર્યા છે. એમના અભ્યાસનો મુદ્દો એ હતો કે આપણા કોશ ઓકસીજનની પ્રાપ્યતામાં થતા ફેરફારો સાથે કેવી રીતે અનુકુલન સાધે છે અને એ અનુકુલન સાધવા માટે કોશની યંત્રણા શું છે ? ત્રેંસઠ વર્ષના ગેંગ એલ. સેમેન્ઝાએ Epo થી ઓળખાતા હોર્મોનની કામગીરીનો અભ્યાસ કર્યો. આ હોર્મોન ઓછા ઓકસીજનની પ્રાપ્યતા પ્રસંગે શરીરમાં લોહીના લાલ કણો પેદા કરવાના એના કામમા કેવી રીતે અનુકુલન સાધે છે

તેનો અભ્યાસ કર્યો. સેમેન્ઝાએ બે પ્રોટીન શોધ્યા કે જે Epoની કામગીરી પર અંકુશ રાખે છે. અહીં સુધી સેમેન્ઝાએ સંશોધન કર્યું. વીજ્ઞાન તો જ્ઞાનની અનંત યાત્રા છે. કોઈ એક વૈજ્ઞાનીકે કરેલા સંશોધન પર ત્યારબાદના વૈજ્ઞાનીકો જરૂરી સુધારા કરે છે, અથવા એ સંશોધનને તાર્કીક અંજામ આપે છે.

રેટકલીફ અને કાએલીને મળીને સેમેન્ઝાના સંશોધનને આગળ ચલાવ્યું. એમણે બીજું એક પ્રોટીન શોધ્યું. એમણે એ શોધ્યું કે આ ત્રણ પ્રોટીન મળીને કોશની યંત્રણાને સક્રીય બનાવે છે કે જે અંતે ઓકસીજનની પ્રાપ્યતામાં થતા ફેરફારોની સાથે કોશનું અનુકુલન કરી આપે છે. આમ, આ ત્રણ વૈજ્ઞાનીકોને એક સંશોધન માટે નોબલ મળ્યું, પણ વાસ્તવમાં એ ત્રણેના એકાધીક પેટા-સંશોધનો હતાં કે જે પરસ્પરનાં પુરક હતાં. આ બતાવે છે કે વીજ્ઞાનની યાત્રા અનંત છે.

કોશને મળતા ઓકસીજનનો પુરવઠો કયારે અને કેવી રીતે ઓછો થાય છે કે બંધ થાય છે તેની જાણકારી આ સંશોધનોથી મળી છે. એટલે ક્ષયના રોગો અને કેન્સર કે જેમાં કોશને મળતા ઓકસીજન બંધ થઈ જાય છે, તેની જાણકારી પ્રાપ્ત થઈ છે. આ જાણકારી માનવજાતના બે મોટા દુશ્મન : હૃદયના રોગો અને કેન્સર પર કાબુ મેળવવાની દીશામાં મોટું કદમ છે. વીજ્ઞાન માનવના કલ્યાણ માટે હમેશાં કામ કરે છે તેનો આ એક વધારાનો દાખલો છે.

## ‘જાતે વીચાર કરજો’

**-મનસુખ નારીયા**

જાતે વીચાર તમે કરજો, હે ભાઈ મારા ! જાતે વીચાર તમે કરજો.
બીજાને કાન પછી ધરજો, હે ભાઈ મારા, જાતે વીચાર તમે કરજો.
વેદો પુરાણોની જુનવાણી વાર્તાઓ, આજે શું આવવાની કામમાં ?
પુરતી તપાસ અને ખાતરી કરો કે, કેમ ? કયારે શું લેવાનું ધ્યાનમાં ?
સાનભાન રાખીને પોતાની અકકલથી, સમજણમાં ઉંડે ઉતરજો...
હે ભાઈ મારા...

લોકોની જેમ તમે ચાલતા જ રહેશો, તો થઈ જાશો ઘેટાંની જાત,
સગ્ગી આંખે જ તમે જોયેલું માનજો, ને દીવસને કહેતા નહીં રાત.
રીતો-રીવાજોના અંધારા રસ્તા પર, તર્ક અને તેજ તમે ભરજો,
એ ભાઈ મારા, જાતે વીચાર તમે કરજો.

**પ્રમોદયચ પાઠકજી નીબંધ સ્પર્ધા (૨૦૧૯)**

**બીજી વીજેતા કૃતી** **નીર્ણાયક : ડો. બી. એ. પરીખ**

# ઉત્સવોની ઉજવણી અને અંધશ્રદ્ધા

**-વણકર હીતેશ રામજીભાઈ પચ્ચીગર**
**પ્રજ્ઞાચક્ષુ ઉચ્ચતર મા. શાળા**

કાલીદાસે કહયું છે કે 'ખલુ માનવાઃ ઉત્સવ પ્રીયાઃ' અર્થાત્ માનવ ખરેખર ઉત્સવપ્રેમી હોય છે.

'દુઃખના દીવસોનો રોકેટ બનાવી,
આકાશમાં ભગવાનને મોકલી દઈએ.....હાલ તહેવારો ઉજવી લઈએ.

ભારત દેશમાં ભાત-ભાતના તહેવારો ઉજવાય છે. જેવા કે દીવાળી, હોળી, ધુળેટી, ગણેશચતુર્થી, નાતાલ, મોહરમ તાજીયા, ઉત્તરાયણ, ગુડી પડવો, જયા-પાર્વતી વ્રત, વગેરે. તહેવારો ધાર્મીક પરંપરા મુજબ ઉજવવામાં આવે છે. વળી હીન્દુ-સંસ્કૃતીમાં તો તહેવારો ગણ્યા ગણાતા નથી. વળી જુદા જુદા પ્રકારની માન્યતાઓ, રુઢીઓ, પ્રણાલીઓ, રીતરીવાજો તેમ જ ધાર્મીક માન્યતાઓ મુજબ દરેક-દરેક તહેવાર ઉજવવામાં આવે છે.

આજની ૨૧ મી સદીમાં પણ કયાંક ને કયાંક લોકજીવનમાં જડતા જોવા મળે છે, અને તહેવારોની ઉજવણીમાં અંધશ્રદ્ધા જોવા મળે છે. આપણી મજા અન્યને માટે સજા કેમ બની જાય છે ? આ પ્રશ્નોના ઉત્તર મેળવવા મુશ્કેલ ગણાય છે.

'સપનાઓની રંગોળી બનાવી,
એક-બીજા સાથે મળી પ્રેમનો રંગ ભેળવી દઈએ.

ચાલ, 'તહેવારો ઉજવી લઈએ.'

ઉપરોકત પંકતીમાં ખુબ જ સુંદર વાત કરવામાં આવી છે.' પરંતુ આપણે આ વાતનો અમલ કરીએ છીએ ખરા ? વાંઝણી સ્ત્રીનું મુખ સવારમાં જોવું નહીં. વીધવા સ્ત્રીને નવવધુના સુહાગના સાધનો અડવા દેવા નહીં. સીમંત શુભ પ્રસંગે વાંઝણી સ્ત્રીને દુર રાખવી, વગેરે અનેક પ્રકારના અંધશ્રદ્ધાનાં તત્ત્વો આપણા સમાજમાં પ્રવર્તે છે, જે કેટલાક લોકોનું સન્માન પણ ઓળવી જાય છે.

તહેવારો આપણી સંસ્કૃતીને ઉજાગર કરી તેને નીરંતર જીવત રાખવાનું કાર્ય કરે છે પરંતુ તે જ ક્ષણે તહેવારોની સાથે જોડાયેલી અંધશ્રદ્ધા આપણી સંસ્કૃતીને નીમ્ન અને ધૃણાસ્પદ બનાવી દે છે.

બલીપ્રથા અંધશ્રદ્ધાનું મુખ્ય પરીબળ છે. ફકત પશુબલી નહીં પરંતુ ઘણા તાંત્રીકો માનવબલી આપતા પણ ખચકાતા નથી. કાળી ચૌદસની રાત્રે ચકલા ઉપર વડુ કે ભજીયુ મુકવાની વાત ઠીક છે, પરંતુ ઘણા તાંત્રીકો સ્મશાનમાં જઈ ભુતપ્રેતના બહાને ઘણા નીર્દોષ પશુઓની બલી આપતા હોય છે.  આમાં કયા શ્રદ્ધા દેખાય છે ? નરી અંધશ્રદ્ધા તો છે ! ભુતપ્રેત જેવું તો કશું હોતું નથી, પરંતુ આ તો લોકો દ્વારા ઉડાડેલી અને માનેલી અંધશ્રદ્ધા છે. આપણા મુસલીમ ભાઈઓ-બહેનો બકરી ઈદના દીવસે નીર્દોષ બકરાઓ ગાયો, ભેંસો વગેરે કાપીને પોતાનાં તહેવારો ઉજવતા હોય છે !

"અંધકાર ભરી દુનીયામાંથી બહાર આવીએ,
જુની માન્યતાઓને ખીન્ન કરીએ, અને
ચાલ, તહેવારો ઉજવી લઈએ.'

આજની ૨૧મી સદીમાં જીવતો માનવ સંસ્કારવીહીન અને સંસ્કૃતીથી દુર થઈ રહ્યો છે. અંધશ્રદ્ધાનું તત્ત્વ સમાજનું એક મોટું દુષણ છે, જે માનવીને દાનવ બનાવે છે.

આજે આપણે ઉત્તરાયણની ઉજવણી કરીએ છીએ. કાયદેસર પ્રતીબંધ હોવા છતાં પાકા દોરાનો ઉપયોગ કરીએ છીએ. આપણે પતંગ તો ચગાવીએ છીએ ખુલ્લા આકાશમાં, પરંતુ એ ગગનમાં વીહાર કરતાં પક્ષીઓને નુકસાન થાય તેનો જવાબદાર કોણ ? એમાં કઈ શ્રદ્ધા દેખાય છે ? આપણે ગણેશચતુર્થી ઉજવીએ છીએ. પીઓપીની  મુર્તી લાવી નવ-નવ દીવસ તેની આરાધના કરીએ છીએ, અને દસમા દીવસે ડી.જે. કે ઢોલ નગારાના ઘોંઘાટ સાથે આપણે નાચતા કુદતા અને રસ્તા ઉપર ટ્રાફીક જામ કરતા નદીઓના ઓવારા સુધી એ મુર્તીને પધરાવવા જઈએ છીએ. નદીઓના પાણીને દુષીત કરીએ છીએ. ઘણી મુર્તીઓ અસ્ત-વ્યસ્ત હાલતમાં પડેલી હોય છે. આ મુર્તી લાવવા માટે આપણે જેટલા પૈસા બગાડીએ છીએ તેટલા પૈસા કોઈ જરૂરતમંદ સંસ્થાને આપીએ તો સામાજીક કલ્યાણના કામમાં આવે.

'ન કરીએ વૃક્ષોનું છેદન,
ન કરીએ રંગોનો ઉપયોગ.
એકબીજા પ્રત્યે દીલમાં સ્નેહ રાખીએ,
પ્રેમપુર્વક હોળી ઉજવીએ.'

આપણે હોળીનો તહેવાર ઉજવીએ છીએ. તેમાં લાખોની સંખ્યામાં વૃક્ષોનું છેદન કરીએ છીએ. હોળી માતા બનાવીએ છીએ. તેને બાળીએ છીએ. આનાથી વાતાવરણના ગ્લોબલ વોર્મીંગમાં વધારો થાય છે. ધુળેટીના તહેવારમાં આપણે એકબીજા ઉપર પાકા કલરો નાખીએ છીએ. જે કલર કોઈની આંખમાં જાય તો રોશની જાય છે. દશેરાના દીવસે મોટા ઘાસ અને કપડામાંથી રાવણ બનાવી તેની  ફરતે ફટાકડા લટકાવીને સળગતું બાણ તેની નાભીમાં છોડવામાં આવે છે. જેની ચીનગારીઓથી ભારે નુકસાન થાય છે. આને માટે જવાબદાર કોણ ? આમાં  કયાં શ્રદ્ધા રહેલી છે ?

OMG Film બધાએ જોઈ જ હશે. તેમાં માનવી કયા સ્તરે અંધશ્રદ્ધા આણે છે તેનું સુચક ઉદાહરણ છે. તેમાં અંધશ્રદ્ધાને દુર કરવાના ઉપાયો સુચવાયા છે. શ્રાવણ માસમાં ભકતો શીવજીના શીવલીંગ પર દુધના કેન રેડે છે, પરંતુ એ દુધની જરૂરત મંદીરની બહાર બેઠેલા ભુખ્યા રંકને છે. મીણબત્તીની જરૂરત ઈશુ ભગવાનને નથી, પરંતુ ગરીબની ઝુંપડીમાં અંધકારને દુર કરવા માટે છે. ચાદરની જરૂરત કોઈ પીર ફકીરને નથી, પરંતુ ઉઘાડા ટાઢ-તડકો-વરસાદ સહન કરતા માણસોને છે.

આજે દેશમાં મંદીરની જગ્યાએ સ્કુલો બનવી જોઈએ, જેનાથી લોકોમાં પ્રવર્તતી અંધશ્રદ્ધા ઘટે અને સાચું જ્ઞાન મેળવી શકે. દષ્ટીકોણ બદલીએ અને વીચારો બદલીએ દુનીયા બદલાશે.

અંતમાં સુચન એટલું જ છે કે આપણી ઉજવણી અન્યના માટે પજવણી ન બને તેનું ધ્યાન રાખીએ અને તહેવારોની ઉજવણી કરીએ.

---


## સત્યશોધક સભાનાં પ્રકાશનો

(૧) વીજ્ઞાન અને અલૌકીક ઘટનાઓ રૂા. ૫૦ - ડૉ. બી. એ. પરીખ
(૨) ચમત્કારોંની ભીતરમાં રૂા. ૩૦ - સીદ્ધાર્થ દેગામી
(૩) નવા વહેમો : વાસ્તુશાસ્ત્ર અને ફેંગશુઈ રૂા. ૩૦ - ડૉ. બી. એ. પરીખ
(૪) આપણો માંદો સમાજ રૂા. ૩૦ - સુર્યકાન્ત શાહ
(૫) લગ્ન પહેલા અને પછી (બીજી આવૃત્તી) રૂા. ૩૫ -ડૉ. બી. એ. પરીખ
(૬) ડાર્વીનનો ઉત્ક્રાંતીવાદ : માનવીનું અવતરણ રૂા. ૩૫ -ડૉ. બી. એ. પરીખ
(૭) જ્યોતીષ વીજ્ઞાન નહીં, મીથ્યા કલ્પના રૂ. ૩૦ -ડૉ. બી. એ. પરીખ
(૮) જૈનોનું તર્કશુદ્ધ અજ્ઞાન રૂા. ૩૦/- -સુર્યકાન્ત શાહ

**મેળવવા માટે મ. ઓ. કરો.**

# મહીલાઓમાં વધતી જતી અંધશ્રદ્ધા

તૃતીય વીજેતા : કૃતી -સૈયદ સના શકીલહુસૈન
એમ. એ. આઈ. હાઈસ્કૂલ, ઓલપાડ

આજથી લઈને સદીઓથી ભારત પર અંધશ્રદ્ધા, વહેમ અને માન્યતાનો સદાય ધોધમાર 'વરસાદ' વરસી રહ્યો છે. ભારત ભલે ચંદ્ર સુધી પહોંચવા માટે ચંદ્રયાન મોકલતો હોય, પરંતુ તેની ધરતી પર તેની પ્રજા વહેમ, માન્યતાઓ અને superstition એટલે કે અંધશ્રદ્ધા નીચે કચડાઈ રહી છે. આ અંધશ્રદ્ધાની પકડ એટલી બધી મજબુત છે કે પ્રજા આનાથી અત્યાર સુધી છુટી શકી નથી. સ્વામી વીવેકાનંદ અંધશ્રદ્ધા નાબુદ કરવા માટે ફરતા રહ્યા, આજે પણ અંધશ્રદ્ધાનું ધીમું ભ્રમણ જોવા મળે જ છે. આ અંધશ્રદ્ધા માનવીનું સત્ત્વ હરીલે છે, અને બીજું તો તેને સાવ નીર્માલ્ય બનાવી દે છે.

આપણે જુદા જુદા સમાજોમાં-રાજયોમાં ધર્મોમાં જોવા જઈએ તો આપણને શ્રદ્ધા કરતા અંધશ્રદ્ધા વધારે પ્રમાણમાં જોવા મળે. અંધશ્રદ્ધામાં માનવી એટલો બધો 'મુગ્ધ' થઈ ગયો છે કે તેને શ્રદ્ધા દેખાતી નથી, અને અંધશ્રદ્ધાને પુજયે જાય છે.

અંધશ્રદ્ધા એટલે 'વહેમમાં શ્રદ્ધા' રાખવી. આ અંધશ્રદ્ધા પુરુષો કરતાં મહીલાઓમાં ખુબ જ વધારે પ્રમાણમાં જોવા મળે છે. આપણે એમ ના કહી શકીએ કે પુરુષોમાં અંધશ્રદ્ધા નહીં જ જેવા મળે. તેમનામાં પણ અંધશ્રદ્ધા અંશતઃ તો જેવા મળે જ છે, પરંતુ મહીલાઓ તો અંધશ્રદ્ધામાં ખુબ જ 'શ્રદ્ધાળુ' બની છે. જેમ કે, હાથમાં ખંજવાળ આવે તો, કાં તો પૈસા આવે, કે કાં તો જાય, એક છીંક આવે તો એ અપશુકન અને બે છીંક સાથે આવે તો એ પાછું શુકન ગણાય ! કોઈ શુભ કાર્ય કરવા જતી વખતે દહીં-ખાંડ ખાઈને નીકળવું. સવારના પહોરમાં કોઈ વીધવા દેખાય તો એ અપશુકન ગણાય છે. પશુ-પક્ષીઓમાં પણ એમને અંધશ્રદ્ધા દેખાય છે. દા.ત. રાત્રે કુતરો રડે અથવા ભસે તો ઘરમાંથી કોઈ મૃત્યુ પામવાનું છે એવો અણસાર મળે છે. ઘરની અગાસીમાં કાગડો આવીને બોલે તો ઘરે મહેમાન આવવાના છે એમ માનવામાં આવે છે. આવી તો કેટલીય અંધશ્રદ્ધા નીચે આપણો દેશ દબાયેલો છે !!!

અરે, કેટલાક હોંશીયાર લોકોએ તો ધર્મના નામે અંધશ્રદ્ધાની રીતસરની 'દુકાનો' ખોલી છે. આપણે હરીદ્વાર-રુષીકેશ બાજુ જઈએ તો આપણને ખુબ અજુગતુ લાગે. 'આ યજ્ઞ કરાવો, પેલી પુજા કરાવો, આની બલી આપો, આટલા રુપીયાનું દાન કરો, ભગવાન તમારા પર પ્રસન્ન થશે. તમારા પર કૃપાદ્રષ્ટી થશે, હવે તેમને કોણ સમજાવે કે ભગવાન તો દયાળુ જ છે. તેમની કૃપાદ્રષ્ટી તો જે યજ્ઞ ન કરાવે તેમના પર પણ હોય છે. મથુરા કે જે ભગવાન શ્રીકૃષ્ણની ભુમી છે. અયોધ્યા કે જે ભગવાન રામની ભુમી છે તેમને પણ આ લોકો

છોડતા નથી. 'ગંગામાં ડુબકી લગાઓ તો તમારા બધા જ પાપ ધોવાઈ જશે.' આ લોભમાં ને લોભમાં બધી મહીલાઓ અને પુરુષો લલચાય છે. અરે ભાઈઓ અને બહેનો ! તમારા પાપ ધોવા ધોવામાં તો ગંગા મેલી થઈ ચાલી એ તો જુઓ !!!

અંધશ્રદ્ધા મોડર્ન સ્ત્રીઓમાં પણ જોવા મળે ત્યારે હદ થાય છે. ગામડાંની મહીલાઓમાં તો અંધશ્રદ્ધાનું પ્રમાણ ખુબ જ મોટા પાયે જોવા મળે છે જેમ કે સામાન્ય કોઈ બાળકને ઓરી કે અછબડા થયા હોય તો તેને 'મહારાજ પધાર્યા' છે એમ માનવામાં આવે છે. કેટલીક સ્ત્રીઓ તેમના ઘરના દરવાજા પર લીંબુ-મરચાંનું તોરણ લગાવશે. બીજું તો ભારતના લગભગ ૯૯% બાળકોએ અનુભવ્યું હશે, અને આજે પણ કેટલાંક બાળકો અનુભવે છે કે 'બાળકને નજર ન લાગે એ માટે તેને મેશનું ટપકું કરવું.' હવે આ કાળો રંગ શું કરી લેવાનો છે ? અહીં કાળા રંગને સુરક્ષીત માનવામાં આવે છે. જયારે બીજી બાજુ તે અશુભ ગણાય છે. તેઓ માને છે કે લગ્ન વખતે કોઈ વીધવા લગ્નની વસ્તુને અડે તો તેને અશુભ માનવામાં આવે છે. હવે જયારે કોઈ યુવક/યુવતીના લગ્ન હોવા અને તેની માતા અથવા તદ્દન ગ્રાહીત વ્યકતી વીધવા હોય તો શું કરવું ? આ એક મર્યાદા છે. બીજી એક અંધશ્રદ્ધા છે કે બપોરના ૧૨ વાગ્યે અથવા રાત્રીના ૧૨ વાગ્યે આમલી, પીપળો, લીમડો કે વડ જેવા વૃક્ષો નીચેથી પસાર થવું નહી કારણ કે ત્યાં ભુત-પ્રેત, ડાકણ, જીન વગેરેનો 'અડ્ડો' હોય છે. અમુક વૃક્ષો તો અંધશ્રદ્ધામાં તદ્દન 'પછાત વૃક્ષો' છે. આ વૃક્ષોની પાસે જવાથી તેમનો વળગાડ આપણને લાગે છે.

આપણે ગામડાંમાં જઈએ તો આપણે ચાર રસ્તાઓ પર, એક તો લીંબુ-મરચાં, સીંદુર, શ્રીફળ, ઘડો અને સામગ્રી તો જોવાય, જોવાય ને જોવાય જ. આજે પણ કાળી ચૌદસના દીવસે ચાર રસ્તાઓ ઉપર બલીદાન અને ઉતાર મુકાય જ છે. કેમ કે લોકો માને છે કે અહીં ભુતપ્રેતનો નીવાસ છે.

મહીલાઓને અંધશ્રદ્ધા તરફ વાળવામાં ટીવી ધારાવાહીકોનો ખુબ મોટો ફાળો રહેલો છે. 'નાગીન', 'નઝર', 'કયામત કી રાત' જેવી serial મહીલાઓને અંધશ્રદ્ધા તરફ attract કરે છે. ટીવી સીરીયલમાં પણ કેટલીક અંધશ્રદ્ધા જેવી કે ફોટોફ્રેમ તુટવી, સીંદુર ઢોળાઈ જવું, મંદીરમાં મુકેલો દીવો ઓલવાઈ જવો જેવી ખુબ જ અંધશ્રદ્ધા બતાવવામાં આવે છે, અને આપણા દેશની મહીલાઓ આ અંધશ્રદ્ધાનું 'ચુસ્તપણે પાલન' કરે છે.

કેટલાક તાંત્રીકો, ભુવાઓ, ડાકલાઓ અંધશ્રદ્ધાને પ્રેરે છે જેમ કે, મુઠ મારવી, વશીકરણ કરવું, પુજા-યજ્ઞો કરવા અને હદ તો ત્યાં સુધી થઈ ગઈ કે 'ચપટીમાં જીંદગીની

બધી સમસ્યાઓનો ઉકેલ' અરે, એવુ જ હોય તો તમે તમારી જ જીંદગીની સમસ્યાનો ઉકેલ લાવોને !!!

જેમ સીકકાની બે બાજુ હોય છે તેમ અહીં બે બાજુઓ જોવા મળે છે જેમ કે મહીલાઓ જેટલી અંધશ્રદ્ધામાં માનશે તેટલી જ તે તાંત્રીકો, ભુવાઓ, ડાકલાઓ પાસે જાય છે. તે તાંત્રીકો તેમને સમસ્યામાંથી મુકત કરવા માટે મોટા પ્રમાણમાં પૈસા પડાવે છે, અને કેટલાંક તો મહીલાઓનું શારીરીક શોષણ પણ કરે છે. આવા બનાવો તો આપણે જયારે સમાચારપત્રો ખોલીએ તો જોવા તો મળે જ.બાબા આશારામ અને તેનો પુત્ર નારાયણ સાંઈ, બાબા રામરહીમ જેવા કેટલાંય જીવતાજાગતા પીશાચો જોવા મળ્યા છે.

અહીં મહીલાઓએ જાગૃત થવાની જરુર છે. તેમણે આવા તાંત્રીકો કે અંધશ્રદ્ધા પર વીશ્વાસ કરવાની બીલકુલ જરુર નથી. તેમણે ફકત પોતાની જાત પર વીશ્વાસ કરીને women empowerment ને successful બનાવવાનું છે. પછી તો તે પણ ગીતા-બબીતા, કલ્પના, સુનીતા, હીમા અને ઈન્દીરા બની શકશે.

અંતે પુરુષો અને મહીલાઓ બંને અંધશ્રદ્ધામાંથી મુકત બને એવી જ આશા રાખું છું, નહી તો, કયા હોગા ઈસ દેશ કા !!!?

## દુનીયા આખીમાં 'ધર્મવીહોણા'ની સંખ્યા વધે છે. આપણી વસતી ગણતરીમાં તમે પણ જોડાઓ !

ચીન તો સામ્યવાદી દેશ છે તેથી ત્યાં રાજ્યસત્તાના પ્રભાવ તળે પણ લોકો ધર્મવીહોણા બનતા હોય. ત્યાં માત્ર ૭% લોકો 'ધાર્મીક' છે. બીજી બાજુ જાપાનનું તો એવું નહીં કહેવાય. ત્યાં લોકશાહી છે. રાજ્યસત્તા તરફથી ધર્મતરફી કે ધર્મવીરોધી વલણ લેવાતાં નથી. આમ છતાં ત્યાં માત્ર ૧૩ ટકા લોકો જ ધાર્મીક છે. ઈસોનીયા જેવા નાના દેશમાં માત્ર ૧૬ ટકા લાકો 'ધાર્મીક' છે. આપણા દેશમાં તો ધર્મોનું ખુબ જોર છે, છતાં ૨૦૦૧માં ૭.૩૧ લાખ લોકોએ પોતાને ધર્મવીહોણા તરીકે નોંધાવેલ, તે ૨૦૧૧ માં વધીને ૨૮.૭ લાખ થયા છે. આ વધારાનો દર વાર્ષીક પંદર ટકાનો છે. એ ગણતરીએ ૨૦૨૧ની વસતી ગણતરીમાં અંદાજ મુકી શકાય કે ૧.૨ કરોડ લોકો પોતાને 'ધર્મવીહોણા' તરીકે નોંધાવશે. તમારે અને મારે એ જોવાનું છે કે આ આંકડો એનાથી પણ વધે. તમે તો ખરા જ, પરંતુ તમારી આજુબાજુ ઘણા લોકો એવા હશે કે જેઓ ધર્મમાં માનતા નહીં હોય, છતાં દેખાદેખીમાં જન્મના અકસ્માતથી એમના પર જે ધર્મ થોપી બેસાડવામાં આવ્યો છે તે ધર્મમાં પોતે માનતા હોવાનું જણાવશે. એમને સમજાવો કે તેઓ આવું નહીં કરે, અને પોતે 'ધર્મવીહોણા' છે જ તે લખાવે. આપણે બધા આવું કરીએ તો ૧.૨ કરોડના અંદાજ કરતા ઘણા વધારે લોકો 'ધર્મવીહોણા' તરીકે નોંધણી કરાવશે.

# અંધશ્રદ્ધામાં સળગતો સંસાર

**સંપાદન : પટેલ સુરેન્દ્રરાય** (O.C.I., U.S.A.)
**મો.-૭૮૭૪૨ ૮૩૮૮૧**
**મુળ લેખક : અશ્વીન સુદાણી, સુરત**

શીક્ષીત લોકો પણ ચુસ્ત સાંપ્રદાયીકોની આંધળી વ્યકતીપુજા કરાવનારાના ચક્રમાં ફસાઈ રહ્યા છે જેને કારણે દાંપત્યજીવન મુશ્કેલીમાં મુકાઈ રહ્યું છે. સાયન્સ ભણનારા અંધશ્રદ્ધાના ઉપાસક બની રહ્યા છે. અમુક ધર્મના સ્વાર્થી વડાઓ કે કોઈ શાસ્ત્રના વાચનકર્તાઓ મોક્ષની દુહાઈ આપી ગેરમાર્ગે દોરી રહ્યા છે. શ્રદ્ધાળુઓ ગુમરાહ થઈ રહ્યા છે. ઘણીવાર એવું જણાય છે કે આવા લોકો અનુયાયીઓના મગજ ચારે તરફથી સજ્જડ બંધ કરી દેતા હોય છે.

સંસારમાં જીવન જીવતા અનુયાયીઓને આત્મજ્ઞાન અને વૈરાગ્યની બાબતમાં મોટે ભાગે આવેગો અને લાગણીઓ માટે દમનકારી માર્ગે જવાનું ભારપુર્વક સમજાવવામાં આવે છે. શીક્ષીત અનુયાયીઓ પણ ધર્મ-સંપ્રદાયની બાબતમાં ગુમરાહ થઈ રહ્યા છે. આવેગો અને લાગણીઓનું આત્યંતિક દમન એ કુદરતનો દ્રોહ છે. કુદરતને શત્રુ બનાવીને સાધના કરવાની રીત જ ભૂલભરેલી છે.

શીવાની અને શીવમ્ બેઉ ભણેલા છે. સારા પરીવારના પાત્ર છે. બેઉ પતી-પત્ની છે. લગ્નને પાંચ વર્ષ થયા છે. બેઉ પક્ષે શીક્ષણ હોવા છતાં કયાંક અટવાયેલા છે.ધર્મની વાતોને લઈને શીવાની વૈરાગ્યની બાબતને વધુ પડતું મહત્ત્વ આપવા લાગી છે. શીવમ અને શીવાની એક જ ધર્મ-સંપ્રદાયમાં આસ્થા ધરાવે છે, છતાં બેઉની પોતપોતાની અલગ માન્યતાઓ છે. બેઉનો ઉછેર સારા વાતાવરણમાં થયો છે. કોઈ પ્રસંગ, ઘટના, દ્રશ્ય કે ધાર્મીક શ્રદ્ધા બાબતે પોતપોતાની વ્યાખ્યાઓ અને સમજ છે.

એક જ સંપ્રદાયમાં હોવાથી તેમને તરુણ અવસ્થાથી જ ઘણા બધા ઉત્સવ-મહોત્સવમાં સાથે સામેલ થવાનો અવસર મળતો, પણ બેમાંથી કોઈને એક-બીજા માટે કયારેય આકર્ષણ નહીં હતું. શ્રદ્ધા અને આસ્થા સાથે તેઓ ઔપચારીક મળતા અને છુટા પડતા. શીવમ મીકેનીકલ એન્જીનીયરનો અભ્યાસ પુરો કરીને કોર્પોરેટ કંપનીમાં નોકરી કરે છે. લગ્ન પહેલાથી જ બેઉ પોતાના આસ્થાના ધાર્મીક સ્થળે જતા હતા તે જ રીતે તેઓનો ક્રમ જળવાઈ રહ્યો છે. રવીવારની સાંજ એટલે આશ્રમની મુલાકાત અને સેવાઓ.

આશ્રમમાં રહેલાં સાધુ અને સાધ્વીઓ ધર્મ-ગ્રંથમાંથી કથાઓ સંભળાવે. લોકો સાંભળે અને પોતે ખુબ વીશેષ જ્ઞાન પ્રાપ્ત કર્યું હોય તેવા ભાવ સાથે સંતુષ્ટ તઈને ઘરે જવા

નીકળી પડે. કેટલાક અનુયાયીઓ વધુ પડતા ભકતીભાવથી સાધુ અને સાધ્વીઓની આસપાસ વીંટળાયા કરે. મોટે ભાગે બહેનો માટે સત્સંગ દીવસ રાખવામાં આવતો હતો. શીવાનીએ લગ્નની શરુઆતની બે વર્ષ નોકરી કરી હતી. નોકરી છોડયા પછી દીવસ દરમ્યાન વધતા સમયના સદઉપયોગ માટે ધીરે ધીરે સાધ્વીઓ પાસે આશ્રમમાં સેવા-સત્સંગ હેતુ વધુ જવા લાગી હતી. શીવાની જેવી અન્ય સ્ત્રીઓ પણ સાધ્વીઓ પાસે સત્સંગમાં આવવા લાગી. કયારેક-કયારેક શીવમ માટે પોતાનો ધર્મ-સંપ્રદાય, પોતાના સુખી સંસારમાં અવરોધ થતો હોય એવું લાગવા માંડયું.

બીજી તરફ શીવમને કંપનીમાં જવાબદારીઓ વધવા લાગી હતી. ખુબ કામ કરીને થાકીને આવતો શીવમ ઘરે આવીને વધુ થાકી જતો હતો. ઘરના સભ્યો પણ ધીરા સ્વરે શીવાની બાબતે ફરીયાદ કરવા લાગ્યા. શીવાની વધુ પડતી ધાર્મીક બનતી જતી હોય, અને પોતાની જવાબદારીથી દુર ભાગતી હોય એમ જણાવા લાગ્યું. પુત્રવધુ તરીકેની જવાબદારીથી દુર ભાગતી શીવાની હવે દાંપત્ય જીવનની જવાબદારીથી દુર ભાગવા લાગી. આવો જાણીએ કહીકતોને...

શીવમનો સ્વર ધીરો છે. આ ધીરા સ્વરમાં અનુભવાઈ રહેલી વેદનાનો અણસાર આવી રહયો છે. શીવમ કહે છે : ‘સાહેબ નાની-મોટી કેટલીય ઘટનાને બાદ કરતા અમારું જીવન સરસ રીતે ચાલી રહ્યું હતું. શીવાનીએ નોકરી છોડયા પછી જાણે સંસાર પણ છોડી દીધો છે. છેલ્લા ત્રણ વર્ષથી બેડરૂમમાં તેણી શરુઆતમાં ‘કમર દુઃખે છે, માથુ દુઃખે છે, આજે મુડ નથી’નાં બહાના નીચે શારીરીક સંબંધો પર પૂર્ણવીરામ મુકી દીધું છે. શીક્ષણ-સંસ્કાર અને ધર્મ પરંપરાથી હું બંધાયેલો છું. મારી આ અંગત લાઈફ વીષે કોને કહું ? આગળ પોતાની કથની કહેતા શીવમ કહે છે કે, ‘શીવાની એક સાધ્વી પાસે સત્સંગ માટે બેસે છે, જે અપરીણીત કે પરીણીત દરેક સ્ત્રીને સંસારથી આસકતી છોડી વૈરાગ્યના માર્ગે આગળ વધવા જણાવે છે. આ સત્સંગમાં આવેગો અને મુખ્ય પરંપરામાં અંધશ્રદ્ધા ઘુસાડી દેવામાં આવ્યા છે

આજે શીવાનીએ એક નવો ધડાકો કર્યો. પરીવારનો દરેક સભ્ય સ્તબ્ધ છે. શીવાનીએ સવારમાં નાસ્તામાં જ કહી દીધું કે, ‘મેં પછેડી વ્રત લીધું છે. તે અંતર્ગત ત્રણ વર્ષ માટે શીવમે મારાથી એક પછેડી જેટલું અંતર રાખવાનું રહેશે.’ પહેલીવાર માતા-પીતાની હાજરીમાં શીવમનો ગુસ્સો આસમાને... ધડામ દઈને નાસ્તાની થાળીનો ઘા કરતા તે તાડુકયો, ‘તારા પછેડી વ્રતનો તો હું ડુચો વાળી દઉં. પીતાએ ઉભા થઈને શીવમને શાંત કર્યો. બધા જ નાસ્તા વગર વીખરાઈ ગયા. આજે શીવમ નોકરીએ જવાને બદલે કાઉન્સેલર સમક્ષ હાજર થયો. શીવમે પોતાના સંપ્રદાયનો દરેક ધાર્મીક ગ્રંથ વાંચ્યો છે. કોઈ ગ્રંથમાં પછેડી વ્રત બાબતે કોઈ

ઉલ્લેખ નથી. આશ્રમની સાધ્વીએ પોતાની રીતે ધર્મ ગ્રંથમાં આપેલી કોઈ ઘટનાનો ખોટો અર્થ કરી ઉપજાવી કાઢેલું વ્રત છે. શીવાની આ સાધ્વીની વાતોમાં આવીને પોતાનો સંસાર સળગાવી રહી છે.'

એક સાધ્વી એનો સંસાર સળગાવી રહી છે. સારા-નરસાનું ભાન ભુલી કેટલીય સ્ત્રી અને પુરુષો પોતાના સંસારનું લાલીત્ય ગુમાવી રહયા છે. ઓછું ભણેલા અને અજ્ઞાની લોકો ધાર્મીક ગ્રંથોનું રસપાન કરાવે છે, જયારે ભણેલા અને જ્ઞાની લોકો પેલા પાસેથી અંધશ્રદ્ધા લે છે. શીવાની અને શીવમ જેવી હકીકતો ઠેરઠેર અફળાય છે. જે સહે છે તે ભોગવે છે. અને વલોપાત અને વેદના છે આપની પાસે કોઈ ઉકેલ ??

## આપણા બૌદ્ધીક પછાતપણાની શરુઆત કયારે થઈ ?

**–બીપીન શ્રોફ**

જે દીવસે રામરાજયમાં રુષીમુનીઓ અને પંડીતોના ઉપદેશથી શ્રી રામે શમ્બુક નામના અબ્રાહ્મણને તપ કરતો (જ્ઞાન મેળવતો) અટકાવ્યો, કૌરવ-પાંડવ રાજયમાં રાજગુરુ દ્રોણાચાર્યે અર્જુન અને બીજા રાજકુંવરોની તરફેણમાં સ્વબુદ્ધી અને સ્વપુરુષાર્થથી બાણવીદ્યામાં નીપુણતા મેળવેલ એકલવ્યનો અંગુઠો હોંશીયારીથી ગુરુદક્ષીણામાં પડાવી લીધો તે દીવસથી હીંદુ સમાજમાં જ્ઞાનપ્રાપ્તીનો હક્ક ફકત બ્રાહ્મણો સીવાય કોઈનો રહ્યો નથી. ત્યારથી દેશમાં અજ્ઞાનનો અંધકારયુગ શરુ થઈ ગયો છે.

બ્રીટીશરોના આગમન પછી અને રાજા રામમોહન રોય, મહાત્મા જયોતીબા ફુલે અને બાબાસાહેબ આંબેડકર જેવા અનેક માનવવાદીઓના અથાગ પ્રયત્નો પછી પણ વર્તમાન રાજયકર્તાઓની અને સમાજની આધુનીક જ્ઞાનવીરોધી માનસીકતા હજુ અકબંધ છે. તેનો પુરાવો આપણને બનારસ હીંદુ યુની.ના પ્રો. ફીરોજખાનની સંસ્કૃતના પ્રોફેસર તરીકેની  નીમણુકના વીવાદમાં અને જેએનયુ સામેની મોદી સરકારની શીક્ષણનીતીમાં આંખે ઉડીને વળગે છે. (અંતે મુસલમાન વીરોધી તત્ત્વોની જીત થઈ છે. ફીરોઝખાનને અન્ય વીભાગમાં ખસેડવામાં આવ્યા છે. -સુ.)

અરે, આપણા દેશના તમામ નાગરીકોને સરળતા અને સસ્તા પ્રાથમીક શીક્ષણથી માંડીને ઉચ્ચશીક્ષણનું જ્ઞાન ઉપલબ્ધ થાય તે માટેની નાણાંકીય સગવડો પુરી પાડવામાં આઝાદી પછીની તમામ રાજ્ય અને કેન્દ્ર સરકારોએ અક્ષમ્ય ઘોર બેદરકારી ઈરાદાપુર્વક દાખવી છે. દરેક બજેટમાં શીક્ષણ માટે કેટલાં નાણાં ફાળવવામાં આવે છે તેના પરથી પણ એ સાબીત થશે. સને ૨૦૧૪ પછીની મોદી સરકારનો તેમાં પ્રથમ નંબર આવે છે. આ સરકારે તો શીક્ષણનું ઈરાદાપુર્વક ખાનગીકરણ કર્યું છે. તે સમાજના કયા વર્ગો અને હીતો માટે રાજય કરે છે તે સાબીત કરવાની આપણા માટે જરુર જ નથી.

આમ સદીઓ અને પરંપરાથી ચાલી રહેલી જ્ઞાનવીરોધી માનસીકતા આપણા સર્વપ્રકારના પછાતપણા માટે સંપુર્ણ જવાબદાર છે.

## માર્ટીન મેકવાનના 'ભેદભારત'માંથી સાભાર...

**૨૦૧૬**

ભારતમાં જન્મના ૨૮ દીવસની અંદર શીશુના મરણનું પ્રમાણ દર ૧,૦૦૦ જન્મેલ બાળકો સામે ૩૯.૬ નું છે, પરંતુ ગુજરાતના આદીવાસીઓમાં ૧,૦૦૦ જન્મેલ બાળકોના જન્મના ૨૮ દીવસની અંદર ૫૬.૫ શીશુ મરણ પામે છે.

ગુજરાતમાં સરેરાશ 'મેટરનલ મોર્ટલીટી રેટ' (MMR) દર ૧,૦૦૦ જન્મની સામે ૩૫.૯ છે. એનો અર્થ એવો થાય છે કે સગર્ભાવસ્થા દરમીયાન અથવા તો સગર્ભાવસ્થાની સમાપ્તીના ૪૨ દીવસની અંદર દર ૧,૦૦૦ જન્મતા બાળકોની સામે ૩૫.૯ સ્ત્રીઓના મરણ થાય છે. પરંતુ ગુજરાતના આદીવાસીઓમાં બાળમૃત્યુ દર ૮૬ એટલે કે બમણો છે !

આ આંકડા આદીજાતી વીભાગના મંત્રીશ્રીએ લોકસભામાં રજુ કરેલા છે. આદીવાસીમાં જન્મના ૨૮ દીવસમાં શીશુના મરણનું પ્રમાણ જોતા જણાય છે કે સમગ્ર ભારતમાં ગુજરાતનો નંબર પાંચમો આવે છે. એટલે કે ભારતનાં ૨૪ રાજયો કરતાં ગુજરાત આ મામલે પાછળ છે. આદીવાસી બાળમરણના પ્રમાણમાં પણ દેશમાં ગુજરાતનો નંબર પાંચમો આવે છે.

આરોગ્ય ખાતાના અધીકારીઓ જણાવે છે કે જન્મનાં પાંચ વર્ષની અંદર બાળમૃત્યુના પ્રમાણમાં પણ ગુજરાતની અન્ય પ્રજા કરતાં આદીવાસીઓમાં આ પ્રમાણ બમણાથી વધારે છે. ગુજરાતમાં સરેરાશ પાંચ વર્ષથી નાની ઉંમરનાં બાળકોના મૃત્યુનો પ્રમાણ દર ૧૦૦૦ સામે ૫૫.૭ છે. જયારે ગુજરાતના આદીવાસીઓમાં આ પ્રમાણ ૧૧૫.૮ છે !

**૨૦૧૭**

તારીખ ૧ ઓકટોબર, ૨૦૧૭ના દીવસે ભારતીય જનતા પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષે સરદાર વલ્લભભાઈ પટેલના વતન કરમસદથી ગુજરાતની 'ગૌરવયાત્રા'નો પ્રારંભ કર્યો. આ જ સમયે કરમસદના દવાખાનામાં ૨૧ વર્ષના દલીત યુવાન જયેશ સોલંકીની લાશ પડી હતી. પણ ગૌરવયાત્રાએ એની નોંધ ન લીધી.

નવરાત્રીના ગરબા ચાલુ હતા. બોરસદ તાલુકાના ભાદરણીયા ગામે દલીત યુવતીઓ ગરબામાં જોડાઈ હતી. દલીત યુવાનો પણ ગયા હતા. એમાંનો જયેશ પણ એક હતો. ગરબાથી થોડે અંતરે મંદીરની બાજુમાં તેના મીત્રોની સાથે તે ઉભો હતો. 'અહીં કેમ ઉભો છે ?' કહી ગામના પટેલોએ તેની સાથે ઝઘડો કર્યો અને પછી મારપીટ. હુમલો કરવાવાળા આઠ જણ હતા અને જયેશ સાથે માત્ર બે મીત્રો હતા. એનું માથું જોરથી દીવાલ સાથે

અથાડવામાં આવ્યું એટલે તે બેહોશ થઈ ગયો. તાત્કાલીક તેને કરમસદની મેડીકલ હોસ્પીટલમાં લઈ જવામાં આવ્યો પણ ત્યાં સુધીમાં માથા પરની ગંભીર ઈજાને કારણ તેનું મોત થઈ ચુકયું હતું.

અગાઉ ભાદરણીયા ગામે દલીતોનાં મકાનોને આગ ચાંપવામાં આવી હતી.

## હરીયાણાની પ્રચાર પ્રસાર સમીતી પકાશીત 'જ્ઞાન ગંગા'માંથી સાભાર

(કશી ટીપ્પણી વીના)

સામવેદ સંખ્યા નં. ૧૪૦૦ ઉતારચીક અધ્યાય નં. ૧૨, ખંડ નં. ૩ બ્લોક નં. ૫ (સંત રામપાલ દાસ દ્વારા ભાષા-ભાષ્ય)માં જણાવ્યા મુજબ'

**ભદ્રા વસ્ત્રા સમન્યારુવસાનો મહાન કવીર્નીવચનાની શંસન ।**
**આ વચ્યસ્વ ચમ્વોઃ પુયમાનો વીચક્ષણો જાગુવીર્દેવવીતૌ ॥**

અનુવાદ : ચતુર (ચાલાક અજ્ઞાની) વ્યકતીઓએ પોતાનાં વચનો દ્વારા પુર્ણ પરમાત્મા (પુર્ણ બ્રહ્મ)ની પુજાના અને સતમાર્ગનાં દર્શન ન થવાના કારણે અમૃતના સ્થાને આનઉપાસના (ખોટી પુજાઓ-જેવી કે ભુતપુજા, પીતૃપુજા, શ્રાદ્ધ કાઢવા, ત્રણે ગુણોની પુજા-રજગુણ-બ્રહ્મા, સતગુણ-વીષ્ણુ, તમગુણ - શંકર તથા બ્રહ્મ-કાળની પુજા, મંદીર, મસ્જીદ, ગુરુદ્વારા, ચર્ચ, તીર્થ, ઉપવાસ, વ્રત સુધીની ઉપાસના) રુપી ગુમડાં અને પડેલા ઘામાંથી નીકળતા પરુને આદર સાથે આચમન (ગ્રહણ) કરે છે.

*

**ગીતા અધ્યાય નં. શ્લોક નં. ૧૬**

**ન, અતી, અશ્રનતઃ તુ યોગઃ અસ્તી ન, ચ, એકાન્તમ,**
**અનશ્રનતઃ, ન, ચ, અતી, સ્વપ્નશીલસ્ય જાગ્રતઃ, ન, એવ, ચ, અર્જુન ॥**

"હે અર્જુન, આ યોગ વધારે ખાવાવાળા કે વધારે ભુખ્યા રહેવાવાળા કે, વધારે ઉંઘવાવાળાને કે સદાય જાગવાવાળાને સીદ્ધ થતો નથી." (માટે જ વ્રત અને ઉપવાસ લાભકારી નથી.)

*

માતા (દુર્ગા)એ કહ્યું કે, 'હવે હું તમને શાપ આપું છું.'

બ્રહ્માને શ્રાપ : તારી પુજા જગતમાં નહીં થાય. આગળ તારા જે વંશજ થશે તે ઘણા પાખંડ કરશે. ખોટી વાત બનાવી જગતને ઠગશે. ઉપરથી તો કર્મકાંડ કરતા (કરી રહ્યા) દેખાશે

અને અંદરથી વીકાર કરશે. કથાપુરાણોને વાંચી સંભળાવ્યા કરશે, પરંતુ પોતાને જ્ઞાન નહીં હોય કે સદ્‌ગ્રંથોમાં વાસ્તવીકતા શું છે, તેમ છતાં માનવશ તથા ધનપ્રાપ્તી અર્થે ગુરુ બનીને અનુયાયીઓને લોકવેદ (શાસ્ત્રવીરુદ્ધ દંતકથા) સંભળાવ્યા કરશે. દેવી દેવતાઓની પુજા કરી-કરાવીને બીજાની નીંદા કરીને, કષ્ટ પર કષ્ટ ઉઠાવશે. જે તેમના અનુયાયી હશે તેમને પરમાર્થ નહી બતાવે. દક્ષીણા માટે જગતને ગુમરાહ કરતા રહેશે - ગેરમાર્ગે દોરતા રહેશે. પોતાની જાતને સૌથી સારી માનશે, બીજાને નીચા સમજશે.' જયારે માતાના મોંએ (મુખ)થી આ સાંભળ્યું તો બ્રહ્મા મુર્છીત થઈને જમીન પર ઢળી પડયા. ઘણા સમય બાદ ભાનમાં આવ્યા.

મુહુપવતીને શ્રાપ : તારી જગ્યા ગંદકીમાં હશે. તારાં ફુલોને કોઈ પુજામાં નહીં લાવે. (તારા ફુલોનો કોઈ પુજા અર્થે ઉપયોગ નહીં કરે) આ ખોટી જુબાનીના કારણે તારે આ નરક ભોગવવું પડશે. તારું નામ કેવડા કેતકી હશે (પડશે) (હરીયાણામાં કુસોંધી કહેવાય છે, જે ગંદકી (કુરડીયોં) વાળી જગ્યાએ થાય છે.).

*

શ્રી બ્રહ્માજી, શ્રી વીષ્ણુજી તથા શ્રી શીવજીની સ્થીતી અત્યાર સુધી અવીનાશી બતાવવામાં આવી હતી. સંપુર્ણ હીંદુ સમાજ હજુ સુધી પણ ત્રણેય પરમાત્માઓને અજર-અમર અને જન્મ-મૃત્યુ રહીત માનતા રહયા છે, જયારે આ ત્રણેય નાશવાન છે. એમના પીતા કાળરુપી બ્રહ્મ તથા માતા દુર્ગા (પ્રકૃતી/અષ્ટાંગી) છે. જેવી રીતે તમે પહેલા પ્રમાણોમાં વાંચેલું આ જ્ઞાન આપણા શાસ્ત્રોમાં પણ વીદ્યમાન છે, પરંતુ હીંદુ સમાજના કળયુગી ગુરુઓ, રુષીઓ, સંતોને જ્ઞાન નથી. જે અધ્યાપક પાઠયક્રમ (સીલેબસ) થી જ અપરીચીત છે તે અધ્યાપક ઠીક નથી. (વીદ્વાન નથી), વીદ્યાર્થીઓના ભવીષ્યનો શત્રુ છે. આ જ પ્રમાણે જે ગુરુઓને અત્યાર સુધી એ જ ખબર નથી કે શ્રી બ્રહ્મા, શ્રી વીષ્ણુ તથા શ્રી શીવજીના માતા-પીતા કોણ છે, તો તે ગુરુ, રુષી, સંત જ્ઞાનહીન છે. જે કારણથી સર્વ ભકત સમાજને શાસ્ત્ર વીરુદ્ધ જ્ઞાન (લોકવેદ અથવા દંતકથા) સંભળાવી અજ્ઞાનથી પરીપુર્ણ કરી દીધા.

---

જેની આપણને જાણ નથી તે 'માન્યતા' છે. તમે જે જાણતા નથી તેને તમે ધારી લેવા માંગો છો અને એ ચોકકસ કરવા માંગો છો. એનો અર્થ એ કે તમારા અજ્ઞાનને તમે મુર્ત સ્વરુપ આપો છો. કશું પણ હોવાની માન્યતા રાખવાની જરુર જ નથી.

-સદ્‌ગુરુ જગ્ગી વાસુદેવ

# પ્લાસ્ટીક પ્રતીબંધ અંગે પણ થોડી વીવેક બુદ્ધીની જરુર

-આર. કે. દેસાઈ
મો.-૯૯૦૯૯ ૭૯૩૩૨

જગત આખુ આજે પ્લાસ્ટીકને એક રાક્ષસ તરીકે ચીતરવાના ઉન્માદમાં છે, અને ડોન કવીટગેટનો માફક તેના પર હુમલાઓ કરવા કુદી રહ્યું છે.

મીડીયા અને સોશ્યલ નેટવર્ક પર આપણને પ્લાસ્ટીકના ડુંગરો દેખાડાય છે, અને જાનવરો તેને ખાતા અને મરતા દેખાડાય છે. નદીઓ, દરીયા અને કીનારાઓને પ્લાસ્ટીક વેસ્ટથી ઉભરાતા દર્શાવાય છે. જળચરોને ફસાયેલા દર્શાવાય છે કે આ કુળાનો નીકાલ કરવામાં કુદરતને સૈકાઓ લાગે છે. આવા દ્રશ્યો નીહાળીને માનવ ધૃણા અનુભવે છે, અને પ્રતીભાવ રુપે પ્લાસ્ટીકને પ્રતીબંધીત કરે છે. ‘હવે વધુ નહીં સહેવાય’ જેવી પ્રચાર ઝુંબેશો પ્રતી સહમતી દર્શાવે છે. સાચી સમસ્યા નીવારણ અંગે જેમને કોઈ સમજ હોતી નથી તેવા રાજકીય નેતાઓ આ બેન્ડવેગન પર સસ્તી પ્રસીદ્ધી અને પોતાને પરીવર્તન ચળવળને નેતાગીરી પુરી પાડનાર એક નીર્ણાયક નેતા તરીકે દર્શાવવા કુદી પડે છે.

તો, ચાલો તપાસીએ કે આ પ્લાસ્ટીક જેણે આટઆટલી વ્યવહારુ ઉપયોગીતા પ્રસ્થાપીત કરી છે તે ખરેખર દુષ્ટ આત્મા છે કે તેનો નીકાલ જ માત્ર સમસ્યાકારક છે. કચરાની એક જગ્યાએ વ્યાખ્યા અપાઈ છે : ' wealth misplaced' યાને ‘સંપતીનું અયોગ્ય સ્થાને હોવું.’ કોઈ પણ સ્વરુપમાં હોય પણ મુળ સ્વરુપે પ્લાસ્ટીક એક હાઈડ્રોકાર્બન છે. કરોડો વર્ષ દરમ્યાન ઓરગેનીક જીવોના પૃથ્વીના પેટાળમાં દબાવાથી પેદા થયેલ આ પદાર્થ છે. આધુનીક જગતના વીકાસમાં જેનું સૌથી વધારે પ્રદાન છે તેવા ઉર્જાના સ્રોત પેટ્રોલ બળતણ અને વાહન ચાલકબળ તરીકે તેનો મહદ્ અંશે ઉપયોગ થાય છે. જગતમાં સૌથી વધારે પ્રદુષણ ફેલાવતા કોલસા પછીની આ જ પેદાશ છે. કલાઈમેટ ચેઈન્જ માટેની મુખ્ય કસુરવાર પેદાશ પણ આ જ છે. ઉર્જા અને વાહન ચાલકબળના ઉપયોગ પછી શેષ રહેતો પદાર્થ પ્રદુષણનો કારક છે. જયારે પ્લાસ્ટીકને તો રીસાઈકલ અને રીફોર્મ કરી શકાય છે. જો કે ત્યાર પછી શેષ રહેતા પદાર્થથી પ્રદુષણ જરુર થાય છે. બધા જ પેટ્રોલીયમ પ્રોડકટનું મુળભુત રસાયણીક સ્વરુપ સમાન છે. તેને ઈનસીનરેટ કરવાથી એક સમાન પ્રદુષણ થાય છે. પણ બળતણ અને વાહનચાલક બળ તરીકેના ઉપયોગ બાદ માત્ર પ્રદુષણ શેષ રહે છે

અને આ સ્વરુપમાં પેટ્રોલીયમ પ્રોડકટનો વપરાશ ૮૬ ટકા છે. ડામર તરીકે ૩ ટકા અને ૧૧ ટકા બધી પ્રકારના પ્લાસ્ટીકના સ્વરુપમાં થાય છે. કોઈપણ સ્વરુપમાં પ્લાસ્ટીકને કુદરતમાં ડીસઈન્ટીગ્રેટ થતાં લગભગ સરખો સમય લાગે છે પછી તે ભલે સીંગલ યુઝ પ્લાસ્ટીક હોય કે પોલીએસ્ટર વસ્ત્ર હોય. સરકાર જેનો ખુબ જોશથી પ્રચાર કરે છે તેવા સેનેટરી નેપકીન હોય કે પ્લાસ્ટીકની કેરી બેગની અવેજીમાં અપાતી નોન વોવન બેગ એ બધા જ સીન્થેટીક પ્રોડકટસ છે, અને એકસરખું પ્રદુષણ કરે છે.

મીશ્રીત થયેલા પ્લાસ્ટીકને એક જ પ્રકારના સ્વરુપમાં છુટા પાડવાની ટેકનોલોજી વીકસી છે, પણ હજુ તેની ઘણી વધારે વીકસવાની ક્ષમતા છે. કાચ અને ધાતુ માફક તેનુ રીસાઈકલીંગ અનંત વખત કરવા જેટલી ટેકનોલોજી હજુ આર્થીકપણે કીફાયતી રહે એટલી વીકસી નથી.

સ્વનીયુકતી પામેલી અમુક સત્તા એવો દાવો કરે છે કે અમુક પ્રકારના પ્લાસ્ટીકનું રીસાઈકલ થઈ જ ન શકે પણ આ અધકચરું જ્ઞાન છે. એવું કોઈ પ્લાસ્ટીક નથી કે જે રીસાઈકલ  ન થઈ શકે અને તેને રુપાંતર પણ ન થઈ શકે. હા, આ પ્રક્રીયાના ખર્ચનો સવાલ જરુરથી આવે છે. વીજ્ઞાન આવી સમસ્યાના પડકારો જરુરથી ઝીલી શકે છે. પ્લાસ્ટીકના મોટા જથ્થાનો ગઠ્ઠો બનાવી સલામતપણે ભુમીપુરાણમાં વાપરી શકાય છે. એક વખત વધુ પડતો ખર્ચ થાય એ સ્વીકારી લઈએ, કે અવ્યવહાર્ય છે એવું પણ સ્વીકારી લઈએ, તેમ છતાં સમાજે સમસ્યાનીવારણના ઉદેશથી અને એના પ્રતાપથી મળતી સવલતોના અવેજમાં એવા ખર્ચ ઉઠાવવા જ પડે. આવા પ્રકારના પ્લાસ્ટીક પર પ્રતીબંધને કારણે જે પ્રકારની કઠીનાઈ અને આજીવીકાનો નાશ થઈ શકે તેની સરખામણીમાં આવા વધારેના ખર્ચ નજીવા ગણી શકાય. કોઈ પણ પ્રકારના નીષેધથી જે વ્યવહારમાં આવી ચુકી છે તેવી પ્રવૃત્તી  ગુનાહીત બની જાય છે, અને તેની માઠી અસર સૌથી વધારે વંચીત અને હાંસીયામાં જીવતી પ્રજા પર થાય છે. શું આપણે શાકભાજી અને ચીજો વેચતા રસ્તા પર લારી ગલ્લા આધારે જીવન નીર્વાહ કરતા લોકોને પોલીસ અને સરકારી માણસો અનેક બહાના હેઠળ રંજાડતા નથી જોયા ? ચાલો માની લઈએ કે પ્લાસ્ટીકને જાકારો આપવો છે તો તેની અવેજમાં કઈ પ્રોડકટ છે ? પ્લાસ્ટીકના ઉદય અગાઉની સમાજરચના જ એવી હતી કે જેમાં પ્લાસ્ટીકની જરુર ન હતી. આજે પેકેજીંગ ખાસ કરીને ફુડ પેકેજીંગમાં પ્લાસ્ટીકનું કોઈ વ્યવહાર્ય અવેજ નથી.

માટીની કુલ્લીની વાત થાય છે પણ તેમાં સ્વચ્છતાનો કોઈ પ્રબંધ નથી. કાચ અને એલ્યુમીનીયમ ફોઈલ બન્નેની અનેક મર્યાદાઓ છે, અને તે બન્નેનું મેન્યુફેકચરીંગ અને નીકાલ પોલ્યુટીંગ છે. આમ છતાં વૈકલ્પીક ચીજ હોય તો પહેલા તેનું મુલ્યાંકન થવું જોઈએ, અને પછી પ્લાસ્ટીક પર પ્રતીબંધ મુકવાનું વીચારવું જોઈએ.

વપરાયેલા ટાયરો અને સોલીડ વેસ્ટના ડુંગરો ખડકાઈ રહયા છે. આ સમસ્યાના હલ માટે કચરો છુટો પાડવાની, રીસાઈકલ કરવાની અને પર્યાવરણ સાથે ચેડા કર્યા વીના જ તેમાંથી કીમતી સંસાધન મેળવવાની ટેકનોલોજી ઘણા સમયથી ઉપલબ્ધ છે તેમાં નીરંતર સુધારો થતો જાય છે. ઘન કચરાની વ્યવસ્થા અંગે એક ઉદાહરણીય કાયદાકીય માળખુ અમુક વર્ષોથી ઉપલબ્ધ છે, છતા સરકાર હજુ એ અંગે હકારાત્મકપણે સક્રીય નથી. સરકારના વીવીધ વીભાગો જેવા કે પર્યાવરણ ખાતુ, ઉદ્યોગ ખાતુ, નાણાં ખાતુ વીગેરે એકબીજા સાથે તાલમેલમાં ન હોવાથી નીતીના અમલીકરણ સંદર્ભે ખાસ પ્રગતી જણાતી નથી.

જરુર છે કે લોકો દરેક પ્લાસ્ટીકને એક સંસાધન તરીકે સ્વીકારતા અને સમજતા થાય અને તેમને પ્રોત્સાહીત કરવા અને ઉત્તેજન આપતા પુરસ્કાર આપવામાં આવે. ઉદાહરણ તરીકે એક વખત પ્રોત્સાહીત કરવા એક વખત વપરાઈ ચુકાયેલા છુટા પાડેલા પ્લાસ્ટીક પાછા લાવનારને વજન પ્રમાણે કંઈક રકમ આપવામાં આવે, અગર કોઈ સન્માન કે સવલત આપવામાં આવે. સેગ્રેગેશન પ્રક્રીયાને વધારે સચોટ અને કીફાયતી બનાવતી હયાત ટેકનોલોજીમાં અને નવી ટેકનોલોજીના આવીશ્કાર અને સંશોધનમાં વધુ મુડીરોકાણ કરાય. સોલીડ વેસ્ટ મેનેજમેન્ટના ક્ષમતા આધારીત વીવીધ પ્રોજેકટો તૈયાર કરી તેમને રોકાણ માટે આકર્ષક બનાવાય. સોલીડ વેસ્ટમાંથી તૈયાર થતા સેન્દ્રીય ખાતર અંગે નીતી તૈયાર છે, પણ રસાયણીક ખાતર બનાવતી કંપનીઓને પોષણાત્મક ભાવ આપી આ ખાતર ઉઠાવવા ફરજ પડાય. ખનીજ તેલ શુદ્ધીકરણ કરતી કંપનીઓને સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ પ્રોજેકટ દ્વારા તૈયાર કરેલા તેલ અને ગેસને સ્વીકારીને તેને બજારમાં મુકવાની ફરજ પાડવામાં આવે. ફીશીંગ કંપનીઓને ફરજ પાડવાની કે જેઓ નવી જાળ ખરીદે ત્યારે તેટલા જ વજનની જુની જાળ પરત કરે.

---

**સત્યશોધક સભાને મળતું દાન ૮૦-જી હેઠળ આવકવેરા રાહતપાત્ર છે.**

**(ચાલુ ટા.-૨ નું)**

બધા જ પાંખવાળા પ્રાણીઓ પક્ષી નથી હોતા. ડીનોસોરની સાથે સાથે જ આજથી ૨૦ કરોડ વર્ષ પહેલા ટેરોસોરોસ (pterosaus) નામનાં પ્રાણીઓ ઉડી શકતા હતા. એમની પાંખો ચામડીની બનેલી હતી. પીંછાની નહોતી. આથી ભલે તેઓ ઉડતા હતા, છતાં વૈજ્ઞાનીકો એને પક્ષીના સંવર્ગમાં મુકતા નથી. જે કેટલાક ડીનોસોર હતા, જેમની પાંખ પીંછાની હતી, પરંતુ ઉડી શકતા નહોતા તે પક્ષી ગણાય. આ ડીનોસારમાંથી ઉત્ક્રાંતી થતા થતા આજથી ૪૪ કરોડ વર્ષ પહેલા પીંછાની પાંખવાળુ અને ઉડી શકતું પક્ષી તૈયાર થયું. એનું નામ આર્કેપ્ટેરીક્ષ (Archeeopteryx) આપવામાં આવ્યું છે. એ અત્યારના કાગડાના કદનું હતું. જો ડીનોસોરના શરીરનું બરાબર અવલોકન કર્યું હોય તો તમને મોટા ભાગના પક્ષી ડીનોસોરની નાની આવૃત્તી જેવા જ લાગશે. આવું એક પ્રાણી આપણી વચ્ચે છે. બીલાડી વાઘની નાની આકૃતી જેવી જ લાગે છે. ઉત્ક્રાંતીના સીદ્ધાંતમાં આ તફાવતવાળી સામ્યતાને ડાર્વીને સચોટ રીતે સમજાવી છે. ટુંકમાં પીંછાવાળી પાંખવાળા પક્ષી કહેવાય. એમાંના કેટલાંક ઉડી નહીં શકે તો પણ તે પક્ષી કહેવાય. બીજી બાજુ, ટેરોસોરસ ઉડી શકતા હતા. એમને પાંખ પણ હતી, પરંતુ તે પીંછાની નહોતી તેથી તે પક્ષી નહીં કહેવાય. અત્યારે શાહમૃગ અને પેન્ગવીન્સ એવા પક્ષીઓ છે જે ઉડી શકતા નથી, પરંતુ એમને પીંછાવાળી પાંખ છે તેથી તેઓને પક્ષી ગણવામાં આવે છે. ચામાચીડીયા ઉડી શકે છે, પણ એમની પાંખ ચામડીની છે. તેથી તે પક્ષી નથી. એ સસ્તન પ્રાણી છે.

અત્યારે વીશ્વમાં ૮,૬૫૦ પ્રકારનાં પક્ષીઓ છે. એમની વચ્ચે ઘણો તફાવત છે, પરંતુ જયારે ડાર્વીનના સીદ્ધાંતાનુસાર પીંછાવાળી પાંખની સામ્યતા છે તેથી બધા તફાવતો સાથેની સામ્યતાવાળા એ બધાં પક્ષી જ છે. કોઈ એક સમયે નાનાં પક્ષીને ૧,૦૪૦ પીંછા હોય છે, તો મોટાને ૨૫,૦૦૦ જેટલા પીંછા હોય છે !

બાહય પરીસ્થીતી સાથે સૌથી વધારે અનુકુલન કરી શકે તે પ્રજાતી ટકી જાય એવું ડાર્વીનનો ઉત્ક્રાંતીનો સીદ્ધાંત કહે છે. પક્ષીઓનું શરીર (પાંખ સીવાયનું) સીધું હોય છે. આથી જયારે પાંખો ખુલીને એ હવા કાપે છે ત્યારે તે તરત જ જમીન-ડાળ પરથી ઉંચકાય છે. અને

---

## નાસ્તીકોનું શું ?

**નાગરીકતા સુધારા ધારામાં પાંચ ધર્મ પાડવા વાળાઓને ભારતના નાગરીક બનવાની જોગવાઈ થઈ છે. મુસલમાનોને માટે એ નથી ! પરંતુ નાસ્તીકોનું શું કરીશું ? શરણાર્થીઓ પૈકી જે નાસ્તીક હોય તેને પણ નાગરીક બનવાની જોગવાઈ થવી જોઈએ.**

**ડીસેમ્બર-૨૦૧૯**

**RNI, Delhi, Regd. No. GUJ GUJ/2009/30348 Posted under Registration License No. SRT-716/2019-2021 (with prepayment of postage)**

## ચીંતન કણીકા

**–મોહન પટેલ**
**Mo.-97278 18391**

એકવાર એવું બન્યું કે, પં. જવાહરલાલ વડાપ્રધાન તરીકે સ્પીકર ગણેશ વાસુદેવ માળવલંકરને એક પત્ર લખ્યો, અંતે તેમાં જણાવ્યું કે,

**‘મારે આપનું કામ છે – એટલે તમે મને મળી જશો.’**

પ્રત્યુત્તરમાં માળવલંકરે લખ્યું હતું કે, ‘હું લોકસભાનો અધ્યક્ષ છું. તમારે મારી પાસે આવવું જોઈશે. તમે મને બોલાવી શકતા નથી.’

ઉપરોકત પ્રત્યુત્તરથી નેહરુને પોતાની ભુલનો અહેસાસ થયો. એમણે વળતા પત્રમાં લખ્યું, ‘હું માફી માંગુ છું, અને ઉમેર્યું કે હું તુરન્ત આપની સમક્ષ હાજર થાઉં છું.’

**‘સત્યાન્વેષણ’ને સફળતાની**



**શુભેચ્છા...**



**એક શુભેચ્છક તરફથી**

**માલીક સત્યશોધક સભા વતી મુદ્રક અને પ્રકાશક સુર્યકાન્ત શોભાગચંદ શાહે અગ્રવાલ ટ્રસ્ટ, રંગીલદાસ મહેતાની શેરી, ગોપીપુરા, સુરત–(ગુજરાત), ફોન નં.–(૦૨૬૧) ૨૫૯૦૮૪૭ ખાતે ‘સત્યાન્વેષણ’ છાપ્યું અને પ્રસીદ્ધ કર્યું. મુખ્ય સંપાદક : સુર્યકાન્ત શાહ**